ફેબ્રુઆરી ૨૦૨૦

# દાદાવાણી

કિંમત ₹ ૧૫



જેને મોક્ષે જવું હોય તે
પુરુષે સ્ત્રી જાતિ ઉપર કે સ્ત્રીએ પુરુષ જાતિ
ઉપર દૃષ્ટિ જ માંડવાની બંધ કરવી.
નહીં તો એનો ઉકેલ જ નહીં આવે.

વર્ષ : ૨૫, અંક : ૬
સળંગ અંક : ૨૯૪
**ફેબ્રુઆરી ૨૦૨૦**
પાનાં : ૨૮

**Editor : Dimple Mehta**
© 2020,
Dada Bhagwan Foundation.
All Rights Reserved.
**Printed by & Published by**
**Dimple Mehta on behalf of**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj,
Dist.-Gandhinagar - 382421

**Owned by & Published at**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj,
Dist.-Gandhinagar - 382421

**Printed at**
**Amba Offset**
B-99, GIDC, Sector-25,
Gandhinagar – 382025.

**સંપર્ક સૂત્ર :**
**અડાલજ ત્રિમંદિર**, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો.: અડાલજ-૩૮૨૪૨૧
જિ. ગાંધીનગર, ગુજરાત.
**ફોન :** (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:dadavani@dadabhagwan.org
www.dadabhagwan.org
**દાદાવાણી ફરિયાદ માટે : ૮૧૫૫૦૦૭૫૦૦**

**લવાજમ (ગુજરાતી)**
**૧૫ વર્ષ**
ભારત : ૧૫૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫૦ ડોલર
યુ.કે. : ૧૨૦ પાઉન્ડ
**વાર્ષિક સભ્ય**
ભારત : ૧૫૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૨ પાઉન્ડ
**D.D. / M.O.** ‘મહાવિદેહ ફાઉન્ડેશન’ના નામે મોકલવો.

# દાદાવાણી

## વિષયનું બિગિનિંગ - ‘દૃષ્ટિદોષ’

### સંપાદકીય

પાંચ જ ઈન્દ્રિયોના વિષયો છતાંય તેની પકડ કેવી અવગાઢ છે કે અનંતકાળથી એનો આરો જ નથી આવતો ? કારણ કે પ્રત્યેક વિષયના અનંત અનંત પર્યાયો પાછા ! એ પ્રત્યેક પર્યાયમાંથી મુક્ત થાય ત્યારે વિષયમાંથી છૂટે. જેને આત્માનું સ્પષ્ટવેદન આ દેહે જ અનુભવવું હોય, તેને વિશુદ્ધ બ્રહ્મચર્ય વિના આની પ્રાપ્તિ શક્ય જ નથી. જ્યાં સુધી વિષયમાં સુખ છે એવી સૂક્ષ્માતિસૂક્ષ્મ ‘રોંગ બિલીફ’ છે, ત્યાં સુધી વિષયના પરમાણુ સંપૂર્ણપણે નિર્જરી જતા નથી. એ ‘રોંગ બિલીફ’ સંપૂર્ણ-સર્વાંગપણે ઉડે, ત્યાં સુધી જાગૃતિ અતિ અતિ સૂક્ષ્મપણે રાખવી ઘટે.

બ્રહ્મચર્યની સેફસાઈડ માટે આંતરિક તેમજ બાહ્ય એવિડન્સને સિફતથી ઉડાડવાની ક્ષમતા પ્રગટાવવી અતિ આવશ્યક છે. આંતરિક વિષયોને ઉડાડવા માટે સાચી સમજણ, જ્ઞાનનો પુરુષાર્થ તેમજ ‘થ્રી વિઝનની’ જાગૃતિ અને અંતે વિજ્ઞાન જાગૃતિ અનિવાર્ય છે. જ્યારે બાહ્ય સંજોગોમાં દૃષ્ટિદોષ, સ્પર્શદોષ ને સંગદોષથી વિમુખ રહેવાની વ્યવહાર જાગૃતિ ઉત્પન્ન થવી પણ જરૂરી છે. નહીં તો સહેજ જ અજાગૃતિ વિષયના કયા ને કેટલા ઊંડા ખાડામાં નાંખી દે, તે કોઈથી કહેવાય નહીં.

હવે વિષયનું બિગિનિંગ શું છે ? મોહભાવે સ્ત્રીને જોવી તે, મૂર્છિતભાવે જોવી તે. કોઈની પ્રત્યે આપણી દૃષ્ટિ ખેંચાય તે કેવડું મોટું બીજ નાંખેલું કે આપણી દૃષ્ટિ ખેંચાયા કરે ! એ ગયા અવતારની દૃષ્ટિ ચોંટી ગયેલી, તેનાથી આ અવતારે ફરી ફરી દૃષ્ટિ પડી જાય છે. કારણ કે મહીં વિષયની રુચિ પડી છે. આ દૃષ્ટિમાં મીઠાશ વર્તે તેય બહુ મોટું જોખમ છે. પ્રસ્તુત અંકમાં દૃષ્ટિદોષ કોને કહેવાય, દૃષ્ટિ પડવી, દૃષ્ટિ માંડવી, દૃષ્ટિ ખેંચાવી, દૃષ્ટિ બગડવી, દૃષ્ટિદોષના પરિણામ-જોખમ, દૃષ્ટિદોષમાંથી નીકળવાના ઉપાય વગેરે વાતો અત્રે સંકલિત થઈ છે.

આ વિકારી દૃષ્ટિ કેમ કરાય ? સંસારમાં મોટામાં મોટો રોગ જ આ છે. આ આંખમાંથી સંસાર ઊભો થઈ જાય છે. વિષયના મૂળિયા ઉપર સંસાર ઊભો રહ્યો છે, વિષય જ મૂળ છે. આ જગત તો બધું ભયનું જ કારખાનું છે. તેમાંય કળિયુગમાં તો ભયંકર અસરો કરે. આ વિષયોમાં દૃષ્ટિ બગડવી એ તો ઓટોમેટિક કેમેરા છે, તેમાં કોઈ મિશ્રચેતનની ફિલ્મ પડવા દેશો નહીં. ફક્ત શુદ્ધાત્માનો જ ફોટો પાડી લેજો. મહાત્માઓને ‘હું શુદ્ધાત્મા છું’ એ જાગૃતિ આવતા જ દૃષ્ટિ નિર્મળ થાય છે. હવે વિષયના મૂળિયાને પકડી, દૃષ્ટિદોષની એક પણ ભૂલ થવા નથી દેવી એ નિશ્ચય હોવો ઘટે. એની સામે જાગૃતિ રાખી, દોષોના પ્રતિક્રમણ કરી દૃષ્ટિ નિર્મળ થવા તરફનો પુરુષાર્થ આદરીએ એ જ અભ્યર્થના.

**જય સચ્ચિદાનંદ.**

# વિષયનું બિગિનિંગ - 'દ્રષ્ટિદોષ'

## મૂળ દ્રષ્ટિરોગમાં છૂપો દ્રષ્ટિદોષ

વિષયનું બિગિનિંગ શું ? મોહભાવે સ્ત્રીને જોવી તે, મૂર્છિત ભાવે જોવી તે. પણ શું દરેક સ્ત્રીને મૂર્છિત ભાવે જોવાય છે ? એકને જોઈને વિચાર આવે છે ને બીજીને જોઈને વિચાર નથી આવતા, તો ધેર ઈઝ સમથીંગ રોંગ (કંઈક ખોટું છે). જો સ્ત્રીને જોતાં જ ઝેર ચઢે એવું હોય તો દરેક સ્ત્રીને જોતાં જ ઝેર ચઢે. જો સ્ત્રી જ રૂટ કૉઝ (મૂળ કારણ) હોય તો, બધી જ સ્ત્રીઓને જોતાં ઝેર ચઢવું જોઈએ, પણ તેમ નથી. એ તો અમુક જ પરમાણુથી પરમાણુનું આકર્ષણ હોય છે.

જાનવરોને જે વિષયોની ઈચ્છા જ નથી તેની ઈચ્છા મનુષ્યો નિરંતર કરે છે. વિષયો જો વિષય જ હોય તો એક જગ્યાએ બે સ્ત્રી બેઠી છે, એક મા છે અને એક પત્ની છે, ત્યાં મા ઉપર કેમ ભાવ નથી આવતો ? કારણ કે વિષય એ વિષય જ નથી, ભ્રાંતિ એ જ વિષય છે. આ વિષયો જો બંધ કરવા હોય તો તેનો ઉપાય બતાવું. આ વિષયો(માં દ્રષ્ટિ બગડે) એ ઓટોમેટિક કેમેરા છે, તેમાં ફિલ્મ પડવા દેશો નહીં. 'શુદ્ધાત્મા'નો જ ફોટો પાડી લેજો. બાકી વિષય એ વસ્તુ જ નથી. આમાં તો ભલભલા બ્રહ્મચારીઓય ફેં ફેં થઈ ગયા છે કે, આ શું છે ? જે જેમાં રચ્યો-પચ્યો રહે, તે વિષય. તે આગળથી અંધ અને પાછળથી પણ અંધ. બીજું કશું જ દેખાય નહીં, મોહાંધ કહેવાય !

## દ્રષ્ટિ બગડી તો ખલાસ

અત્યારે તો બધું ઓપન (ખુલ્લું) બજાર જ થઈ ગયું છે ને ? એટલે સાંજ પડ્યે દેખાય કે કશોય સોદો જ નથી કર્યો, પણ એમ ને એમ બાર સોદા લખી નાખ્યા હોય. આમ જોવાથી જ સોદા થઈ જાય ! બીજા સોદા તો થવાના હશે તે થશે, પણ આ તો જોવામાત્રથી જ સોદા થઈ જાય ! આપણું જ્ઞાન હોય તો એવું ના થાય. સ્ત્રી જતી હોય તો એની મહીં તમને શુદ્ધાત્મા દેખાય, પણ બીજા લોકોને શી રીતે શુદ્ધાત્મા દેખાય ? જોવાથી તને સોદો થાય છે હવે ? નથી થતો ને ? ને જ્ઞાન પહેલાં તો કેટલા થતા'તા સાંજ સુધીમાં ?

**પ્રશ્નકર્તા :** દસ-પંદર થઈ જાય.

**દાદાશ્રી :** અને કોઈના લગનમાં જઉં તો ? કોઈને ત્યાં લગનમાં ગયા હોઈએ, તે દહાડે તો આપણે બહુ બધું જોઈએ ને ? સોએક સોદા થઈ જાય ને ? એટલે એવું છે આ બધું ! એ તારો દોષ નથી, મનુષ્યમાત્રને એવું થઈ જ જાય. કારણ કે આકર્ષણવાળું દેખે એટલે દ્રષ્ટિ ખેંચાઈ જ જાય. એમાં સ્ત્રીઓનેય એવું ને પુરુષોનેય એવું, આકર્ષણવાળું દેખે કે સોદો થઈ જ જાય ! વાંધો ફક્ત સ્ત્રી-પુરુષો બે સામસામે ભેગા થાય છે ત્યાં આગળ મૂળ દ્રષ્ટિનો રોગ છે. જેમ આપણે માર્કેટમાંથી શાક આકર્ષણવાળું હોય તો સાંજે લઈને જ આવીએ છીએ ને ? ના લેવું હોય તોય લે છે ને ? કહેશે, 'બહુ સરસ શાક દેખાયું એટલે લઈ આવ્યો !' કેરીઓ આકર્ષણવાળી નથી લાવતા લોક, સરસ રૂપાળી દેખાતી હોય તો ? રૂપાળી દેખી તો સોદો કરી નાખે છે ને ? પછી કાપ્યા પછી મોઢું ખાટું થાય ત્યારે કહેશે કે પૈસા છૂટી પડ્યા (નકામા ગયા) ! આવું છે આ જગત ! આ તો બધા આંખના ચમકારા છે ! આંખ દેખે છે અને ચિત્ત ચોંટે છે ! આમાં આંખનો શો ગુનો ? ગુનો કોનો ?

**પ્રશ્નકર્તા :** મનનો ?

**દાદાશ્રી :** મનનોય શો ગુનો ? ગુનો આપણો કે આપણે કાચા પડ્યા, ત્યારે મન ચઢી બેઠું ને ? ગુનો આપણો જ ! પહેલાં તો એવોય વિચાર કરતા હતા કે અહીં આપણાથી ના જોવાય, આ તો બહેન થાય, આ તો મામાની દીકરી થાય,

ફલાણું થાય. અત્યારે તો કશું જોવામાં બાકી જ નથી રાખતા ને ! આ તો બધી પાશવતા કહેવાય ! થોડું-ઘણું વિવેક જેવું કશું ના હોય ?

પહેલાં તો લોકોની એકાદ જગ્યાએ દૃષ્ટિ બગડતી. આજે તો ઠેર ઠેર દૃષ્ટિ બગડે છે ! તે પછી હિસાબ ચૂકવવા જવું જ પડે. એટલે એ જ્યાં જાય, હલકી નાતમાં જાય તો આપણે પણ હલકી નાતમાં જવું પડે. છૂટકો જ નહીં, હિસાબ ચૂકવવો જ પડે. હવે આ બધા બિચારાને આની ખબર જ ના હોય ને, કે આની જવાબદારી શું છે ? તમે જાણો કે આ લોકો આવું કરે છે ? તે આપણેય એવું કરીએ છીએ, વીંછી જો ડંખ મારે તો તરત કેમ છેટા રહો છો ? 'આમાં ડંખ મારનારું છે' એમ કોઈ દેખાડનાર નથી ને !

નીચી નાતમાં ઊંચા પુરુષોને શા માટે જન્મવું પડે છે ? વિષય વિકારના રોગ જેને લાગુ થયા છે, એ બધાય નીચી નાતોમાં જન્મ પામે છે, એક જ આધારે. વિષય-વિકાર જેને ઓછા હોય, તે ઊંચી નાતમાં, ઊંચા કૂળ અને ઉચ્ચ ગોત્રમાં હોય. વિષયદોષ ઓછો એટલે ! દૃષ્ટિ જ ફેર થવાથી એ જ્યાં જાય ત્યાં જવું પડે. એટલે ચેતવાનું છે. પોતાની સ્ત્રી સિવાય બીજે દૃષ્ટિ જ ના બગડવી જોઈએ. બીજે દૃષ્ટિ બગડી તો ખલાસ થઈ ગયું. હું શું કહું છું કે બીજી કોઈ સ્ત્રીને જોઈશ નહીં. કુદરતી રીતે તારે ભાગે આવેલી હોય, તેને તું ભોગવ. કો'કની સ્ત્રી ઉપર નજર કરે તો તે ચોરી કર્યા બરાબર છે. આપણી સ્ત્રી ઉપર કોઈ નજર કરે તો તમને સારું લાગે ખરું ?

**પ્રશ્નકર્તા :** ના.

**દાદાશ્રી :** જેણે લગ્ન કરેલું છે, તેને તો એક જ કાયદો અમે કરી આપેલો કે તારે બીજી કોઈ સ્ત્રી તરફ દૃષ્ટિ બગાડવાની નહીં. અને વખતે દૃષ્ટિ એવી થઈ જાય તો પ્રતિક્રમણ વિધિ કરવાની અને નક્કી કરવાનું કે આવું હવે ફરી નહીં કરું. પોતાની સ્ત્રી સિવાય જે બીજી સ્ત્રીને જોતો નથી, બીજી સ્ત્રી પર જેની દૃષ્ટિ રહેતી નથી, દૃષ્ટિ જાય છતાં એના મનમાં વિકારી ભાવ થતો નથી અને, વિકારી ભાવ થાય તો પોતે ખૂબ પસ્તાવો કરે છે, એને આ કાળમાં એક સ્ત્રી છે છતાંય બ્રહ્મચર્ય કહેવાય. એવું આપણે પણ કાયદેસર રહેવું જોઈએ. ગમે એવી દેખાવડી હોય તોય એ છોકરી પર નજર જાય નહીં, આટલું સાચવવાનું કહ્યું છે.

## દૃષ્ટિ બગડે તે ભયંકર પાપ

પારકી સ્ત્રી કે પારકી છોકરી સાથે કંઈ પણ દૃષ્ટિ બગડે તો ભયંકર પાપ છે. તારી પોતાની સ્ત્રી હોય તો વાંધો નથી, પણ પારકી અને અહીં તો હરૈયો (રખડેલ ઢોર જેવો) રહ્યો પણ પછી ત્યાંય પૂછડાં સાથે હરૈયો કૂદે. કૂદાકૂદ, કૂદાકૂદ ! આ મનખો જતો રહેશે ! મહાપરાણે મળેલું આ માણસપણું જતું રહેશે. માટે ચેત જરા.

મને મોટી ચીઢ આ બાબત માટે રહે કે કોઈની ઉપર દૃષ્ટિ કેમ બગાડાય તારાથી ? તારી બહેન ઉપર કોઈ ખરાબ દૃષ્ટિ કરે, તો તને કેવું લાગે ? તો એવું તું કોઈની બહેન પર દૃષ્ટિ બગાડું તો ? પણ એવો આ લોકોને વિચાર નથી આવતો હોય ને ?

**પ્રશ્નકર્તા :** એવો વિચાર આવતો હોય તો આવું કોઈ કરે જ નહીં ને ?

**દાદાશ્રી :** હા, કોઈ કરે જ નહીં. પણ આટલું બધું બેભાનપણું છે ને !

કોઈની છોકરી જતી હોય અને એના ઉપર દૃષ્ટિ બગડે, તો તે ઘડીએ તરત જ આપણને વિચાર આવવો જોઈએ કે ભઈ, મારી છોકરીની ઉપર દૃષ્ટિ કોઈ બગાડે તો મને કેટલું ખરાબ લાગે ! એવો વિચાર આવે તો જ એ મનુષ્ય છે અને બીજાની પર દૃષ્ટિ બગાડે, એને મનુષ્ય જ

કેમ કહેવાય ? તે બધી અણહક્કની જે હોય વસ્તુ, તેની પર દૃષ્ટિ ના બગાડાય ને ?

તું દૃષ્ટિ બગાડીશ નહીં. બહાર જોવામાં બહુ જોખમદારી છે. એ હરૈયો ઢોર કહેવાય.

એટલે તો તુલસીદાસને આખું શાસ્ત્ર લખવાનો વખત ના આવ્યો પણ બે જ અક્ષર બોલ્યા,

'પરધન પથ્થર માનીએ, પરસ્ત્રી માત સમાન.
ઈતને સે હરિ ના મિલે, તો તુલસી જમાન.'

કૃપાળુદેવ તો જમાન થયા છે અને આ બીજા જમાન. હક્કનું ખાય તો મનુષ્યમાં આવે, અણહક્કનું ખાય તો જાનવરમાં જાય.

## પાછલા પરિણામે ખડો મોહ

**પ્રશ્નકર્તા :** આમ આ દૃષ્ટિ પડે, તે પહેલાં કપડાં પર પડે છે, એટલે ત્યાંથી મોહ ઉત્પન્ન થાય છે ને ? આ વિષયની બાબતમાં કપડાંને લીધે મોહ ઉત્પન્ન થાય છે ને ?

**દાદાશ્રી :** મૂળ તો પોતે વિષયી છે, તેથી કપડાં વધારે મોહ કરે છે. પોતે વિષયી ના હોય તો કપડું કશું મોહ ના કરે. આ અહીં સારાં સારાં કપડાં પાથરીએ તો મોહ ઊભો થાય ? એટલે પોતાને વિષયની મઝા-આનંદ છે, એની ઈચ્છા છે, તેથી પેલો મોહ ઉત્પન્ન થાય છે.

વિષયની ઈચ્છા વગરના માણસોને શી રીતે મોહ ઉત્પન્ન થાય ? આ મોહ કોણ ઊભો કરે છે ? પાછલાં પરિણામ મોહ ઊભા કરે છે. તે એને આપણે ધોઈ નાખીએ. બાકી કપડાં બિચારાં શું કરે ? પહેલાંનું બીજ નાખેલું છે, તેનું આ પરિણામ આવ્યું. પણ એ બધા ઉપર મોહ ના થાય, હિસાબ હોય ત્યાં જ મોહ થાય. બીજે મોહના નવા બીજ પડે ખરાં, પણ મોહ ના થાય. આ તો કપડાંને લીધે મોહ ઉત્પન્ન થાય છે, નહીં તો કપડાં કાઢી નાખે તો ઘણો ખરો મોહ ઓછો થઈ જાય. ફક્ત આપણી ઊંચી નાતોમાં જ મોહ ઓછો થઈ જાય. આ તો બિચારાના કપડાંને લીધે ભ્રાંતિ રહે છે અને કપડાં વગરનું જુએ તો એમ ને એમ વૈરાગ આવી જાય ! તેથી આ દિગંબરીઓની શોધખોળ છે ને !

## દૃષ્ટિ ચોંટી ત્યાં ભેગી થઈ બૈરી

એક ભાઈને વૈરાગ નહોતો આવતો. તેથી મેં એને 'થ્રી વિઝન' આપ્યા. પછી એવું થ્રી વિઝને જોયું, તો એને બહુ સરસ વૈરાગ આવી ગયો.

તારે એવું જોવું પડે ખરું ?

**પ્રશ્નકર્તા :** હા, એવો ઉપયોગ કરવો પડે.

**દાદાશ્રી :** એમ ! એટલે હજુ મોહ ખરો ને ?

**પ્રશ્નકર્તા :** હા, હજુએ આમ કો'ક વખત મોહ ચઢે. ધારો કે બૈરી સરસ કપડાં પહેરીને આમ ચાલે તો, પછી મહીં મૂર્છા ઉત્પન્ન થાય.

**દાદાશ્રી :** એમ ? ત્યારે પેલા જાપાનીઝ પૂતળાને સરસ કપડાં પહેરાવે છે, ત્યાં કેમ મોહ નથી થતો ? સ્ત્રીનું મડદું હોય અને તેને સારાં કપડાં પહેરાવે તો મોહ થાય ?

**પ્રશ્નકર્તા :** ના થાય.

**દાદાશ્રી :** કેમ ના થાય ? તો આ બધાને શેનો મોહ થાય છે ? સ્ત્રી છે, કપડાં સારાં પહેર્યાં છે. પછી મડદું હોય ને મહીં આત્મા નથી તેની ઉપર મોહ થાય ? તો શેની ઉપર મોહ થાય છે ? આ વિચાર્યું નથી ને ! આત્મા ના હોય એવી સ્ત્રી જોડે મોહ કરે કોઈ ?

**પ્રશ્નકર્તા :** ના કરે.

**દાદાશ્રી :** તો એનું શું કારણ ? તો એ શું આત્મા જોડે મોહ કરે છે ? તારી જે બૈરી છે ને, એની ઉપર ગયા અવતારની તારી દૃષ્ટિ ચોંટી ગયેલી, તેનું આ ફળ આવ્યું છે.

**પ્રશ્નકર્તા :** મારા વિચારો બ્રહ્મચર્ય લેવાના છે ને એનો એવો વિચાર નથી, તેથી એ એવી બગડી છે ને !

**દાદાશ્રી :** એ જ પરવશતા ને ! કેટલી બધી પરવશતા !

**પ્રશ્નકર્તા :** અને એને તો ઊલટું આશ્ચર્ય લાગે છે કે તમને મારા પર આકર્ષણ કેમ થતું નથી ?

**દાદાશ્રી :** એને એમ કહેવું કે તું આમ સંડાસમાં અંદર જાય છે, તોય મને બહાર રહીને દેખાય છે એટલે આકર્ષણ થતું નથી.

**પ્રશ્નકર્તા :** તો તો એ ભડકી જાય.

**દાદાશ્રી :** નહીં, પણ એને સમજણ પડે કે સંડાસ જઉં એવું દેખાય તો તો આકર્ષણ જ કેમ થાય ? એ કેવું ખરાબ દેખાય ! પણ આય બોમ્બ ફાટે એવું થઈ જાય ને ? તો આમેય ફસામણ થઈ ગઈ ને ?

## દૃષ્ટિ મંડાય એ જોખમ

**પ્રશ્નકર્તા :** એ જે મોહની જાળ નાખે તો એનાથી કેવી રીતે બચવું ?

**દાદાશ્રી :** આપણે દૃષ્ટિ જ ના માંડીએ. આપણે જાણીએ કે આ જાળ ખેંચનારી છે. એટલે એની જોડે દૃષ્ટિ જ માંડવી નહીં.

**પ્રશ્નકર્તા :** લેડીઝ (સ્ત્રીઓ) જોડે આંખે આંખ ના મેળવવી ?

**દાદાશ્રી :** હા, આંખે આંખ ના મેળવવી. મોહ પ્રકૃતિવાળાની આંખોય વિકારી હોય. પુરુષો છોકરીઓને જુએ, તો જોતાંની સાથે જ જ્ઞાન જતું રહે. આ છોકરીઓ પુરુષોને જુએ, તો જોતાંની સાથે જ જ્ઞાન જતું રહે. એટલે આ માલ જોવો જ નહીં. જેનાથી પ્રભાવ ઉત્પન્ન થાય, આપણા ભાવ ફરે, વિચાર ફરે, એ માલ જુઓ. આ તો બધો કચરો માલ, 'રબીશ', વેચાણીયો માલ ! જ્યાં આપણને લાગે કે આ તો અહીં ફસામણ જ છે, ત્યાં તો એને ભેગા જ ના થવું. આપણને તરત ઓળખાય ને કે આ વસમી છે, એવું ?

**પ્રશ્નકર્તા :** વ્યવહારમાં આપણા જે ઓળખાણવાળા હોય, તે આવીને આપણી જોડે વાત કરે તો તેનો આપણે સમભાવે નિકાલ કરવો જોઈએ. પણ એમાં એની દૃષ્ટિ ખરાબ હોય તો આપણે શું કરવું ?

**દાદાશ્રી :** તો આપણે નીચું જોઈને બધું કામ કરવું. આપણે એની આગળ નાની ઉંમરના હોઈએ, આમાં બીજું કશું સમજતો નથી એવું કરી નાખવું. એને એમ જ લાગે કે આ કશું સમજતો જ નથી એટલે પછી એ જતી રહે. તને કોઈ એવી ભેગી થાય, તો એ એવું જાણે કે આ બધું 'સમજી' ગયેલો છે ? તું એવું દેખાડવા ફરું કે ? એ બધું બબૂચકપણું કહેવાય.

ખેંચાણમાં તણાવું નહીં. આંખ ખેંચાય ત્યાંથી છેટા રહેવું. બીજે જ્યાં સીધી આંખો હોય ત્યાં બધે વ્યવહાર કરવો, પણ આંખ ખેંચાય ત્યાં જોખમ છે, લાલ વાવટો છે. કોઈની જોડે દૃષ્ટિ મિલાવીને વાત કરવી નહીં, નીચી દૃષ્ટિ રાખીને જ વાત કરવી. દૃષ્ટિથી જ બગડે છે. એ દૃષ્ટિમાં વિષ હોય છે અને પછી વિષ ચઢે છે. એટલે દૃષ્ટિ મંડાઈ હોય ને, નજર ખેંચાઈ હોય તો તરત પ્રતિક્રમણ કરી લેવું. અહીં તો ચેતતા જ રહેવું જોઈએ. જેને આ જીવન બગડવા ના દેવું હોય એણે બિવેર (સાવધ) રહેવું. જાણી-જોઈને કોઈ કૂવામાં પડે ખરું ?

## આંખ બગડે ને પછી આગળ વધે

**પ્રશ્નકર્તા :** વ્યવહારમાં એકબીજાને માન આપવું એ તો કંઈ ખરાબ ના કહેવાય ને ?

**દાદાશ્રી :** માન આપવું, પણ દૃષ્ટિ નીચી

રાખીને. દૃષ્ટિ બગડે કે તરત ખબર પડી જાય. માનમાં તો તરત દૃષ્ટિ બગડે. આટલું જ જોખમ છે, બીજું કશું જોખમ નથી.

તમને બધું કામ લાગશે કે ?

કેટલાંકને કેવું હોય કે માનની ગાંઠ વિષયને માટે જ રક્ષા કરતી હોય. એટલે એનો વિષય ગયો કે માનની ગાંઠ છૂટી જવાની. કેટલાંકને પહેલી માનની ગાંઠ હોય ને પછી વિષય હોય છે, એટલે માનની ગાંઠના આધારે વિષય હોય છે અને કેટલાંકને વિષયના આધારેય માનની ગાંઠ હોય છે ! એટલે એનો આધાર નિરાધાર થાય કે પેલું ઊડ્યું.

**પ્રશ્નકર્તા :** કોઈ સ્ત્રીને આપણે બહેન તરીકે માનીએ, દીકરી તરીકે માનીએ કે માતા તરીકે માનીએ, તો પછી તેના માટે આપણને ખરાબ ભાવ ના થાય ને ?

**દાદાશ્રી :** માનવાથી કશું ફળ મળે નહીં. માનેલું રહે જ નહીં ને! લોકો તો સગી બહેન જોડે હઉ 'વ્યવહાર' કરે છે ! એવા ઘણા દાખલા હું જાણું છું. માટે માનેલું કશું રહે નહીં.

**પ્રશ્નકર્તા :** એટલે એનો અર્થ એ કે દરેક બાબતમાં ચેતતા રહેવું જોઈએ ?

**દાદાશ્રી :** બહુ જ ચેતતા રહેવું જોઈએ. અને આ તો દાદાની આજ્ઞા છે ને ! તે આ આજ્ઞા તો ખાસ બધાને આપેલી જ છે. જેને જીતવું છે, તેને અમારી આ મોટામાં મોટી આજ્ઞા પાળવાની છે. બાકી, માનેલું કશું રહે નહીં.

**પ્રશ્નકર્તા :** શુદ્ધાત્મા ભાવથી જોતા હો, તો પછી વાંધો જ ના આવે ને?

**દાદાશ્રી :** શુદ્ધાત્મા ભાવથી તો જોઈ લેવાનું છે, પણ દૃષ્ટિ તો ના જ મંડાવી જોઈએ. તમને કોઈ જે' જે' કરે અને બે શબ્દ સારા બોલે તો તરત તમારી દૃષ્ટિ એના પર મીઠાશવાળી મૂકાશે અને પેલીની દૃષ્ટિ તમારે માટે પછી બગડશે. એટલે માન આપે ત્યાંથી તેને દુશ્મન માની લેવો. વ્યવહારમાં સાધારણ માન આપે તો તો વાંધો નથી, પણ જો બીજા પ્રકારનું માન આપે, ત્યાંથી આપણે જાણવું કે આ આપણો દુશ્મન છે, આપણને ખાડામાં લઈ જશે !

મોટામાં મોટું જોખમ જ આ છે, બીજું કોઈ જોખમ જ નથી. બાકી, માનેલું કશું રહે નહીં. આવું તમે કંઈથી લાવ્યા માનેલું ?

**પ્રશ્નકર્તા :** ના, એ તો આ પ્રશ્ન નીકળ્યો કે કોઈને ભાઈ-બહેન એ દૃષ્ટિથી જોતા હોય તો કેવું ?

**દાદાશ્રી :** ના, એ દૃષ્ટિથી જોવાય જ નહીં ને ! એ દૃષ્ટિ તો હવે રહી જ નથી ને ! એટલે એ દૃષ્ટિથી જોવામાં સેફસાઈડ રહી નથી. તમને શી ખબર પડે કે આ પ્રજા કેવી છે ? સગા કાકાની દીકરી ઉપરેય દૃષ્ટિ બગડે ! આ તો ઘેર-ઘેર બધો આવો માલ થઈ ગયો છે ! કળિયુગ તો બધે ફેલાઈ ગયો છે.

સ્ત્રી સંબંધી તો આંખ પહેલી બગડે. આંખ બગડે પછી આગળ વધે છે. જેની આંખ ના બગડી તેને કશું જ ના થાય. હવે તારે જો સેફસાઈડ થવું હોય તો આંખ બગડવા ના દેવી અને આંખ બગડી હોય તો પ્રતિક્રમણ કરવું.

### ભગવાને કહેલું, 'આંખને ના જોશો'

**પ્રશ્નકર્તા :** એ વિષય-વિકારી દૃષ્ટિના પરિણામ કેવા હોય ?

**દાદાશ્રી :** અધોગતિ. આ તો આખો દહાડો 'ચા' સાંભરે. 'ચા' દેખે ને દૃષ્ટિ બગડે, તો તે ચા પીધા વગર રહે કે પછી ? દૃષ્ટિ ના બગડે એ મોટામાં મોટો ગુણ કહેવાય.

ભગવાને કહેલું કે જગતમાં બધી ચીજો

ખાજો, પણ મનુષ્ય જાતિની આંખને ના જોશો અને એના મોઢાને ધારી ધારીને ના જોશો. જુઓ તો સામાન્ય ભાવે જોજો, વિષય ભાવે જોશો નહીં. આ કેરીઓ જોઈએ અને બાજુએ મૂકીએ તો પડી રહે, એને એક જ બાજુ છે; પણ આ જીવતી જીવાત તો ચોંટી પડશે. પછી બાજુએ મૂકશો તો દાવો માંડશે. આ લગનમાં દરવાજે (સત્કારવા) ઊભા હોય ને દરેક માણસ આવે, એને ધારી ધારીને જુએ છે ? ના. એ તો એક આવે ને એક જાય એમ સામાન્ય ભાવે જુએ, એવું જોવાનું છે. અમારે જ્ઞાન થતાં પહેલાં નક્કી જ રાખેલું કે સામાન્ય ભાવે જોવું.

આ બધા લોકો ના હોત તો સારું ને ? આપણા ભાવ જ બગડત નહીં ને ?

**પ્રશ્નકર્તા :** ના, એ તો આપણી મહીં જ એવા ભાવ છે, એટલે સામા નિમિત્ત ભેગા થયા છે ને ! એટલે આપણા ભાવ જ આપણે તોડી નાખવા જોઈએ, તો નિમિત્ત વળગે નહીં ને !

**દાદાશ્રી :** ખરું કહ્યું. એટલે જ અમે કહીએ છીએ કે આપણે ભાવનિદ્રા ટાળો. સર્વ પ્રકારના ભાવ આવે એવા આ લોકો છે. તેમાં ભાવનિદ્રા ના આવવી જોઈએ, દેહનિદ્રા આવે તો ચાલશે.

**પ્રશ્નકર્તા :** પણ ભાવનિદ્રા જ આવે છે ને !

**દાદાશ્રી :** એવું કેમ ચાલે ? આ ટ્રેન સામેથી આવતી હોય તો ભાવનિદ્રા નથી રાખતો. ટ્રેન તો એક અવતારનું મરણ લાવે તેમ છે, પણ આ તો અનંત અવતારનું જોખમ છે. ચિત્ર-વિચિત્ર ભાવ ઉત્પન્ન થાય એવું આ જગત છે, એમાં તારે તારી મેળે સમજી લેવાનું છે. ભાવનિદ્રા આવે છે કે નહીં ? ભાવનિદ્રા આવે તો જગત તને ચોંટશે. હવે ભાવનિદ્રા આવે, તો ત્યાં એ જ દુકાનના શુદ્ધાત્મા પાસે બ્રહ્મચર્ય માટેની શક્તિઓ માંગવી, કે 'હે શુદ્ધાત્મા ભગવાન, મને આખા જગત જોડે બ્રહ્મચર્ય પાળવાની શક્તિઓ આપો.' અમારી પાસે જો શક્તિઓ માંગે તો ઉત્તમ જ છે, પણ પેલું ડિરેક્ટ, જે દુકાન જોડે વ્યવહાર થયો છે, ત્યાં માંગી લેવું એ સારામાં સારું.

સુંદર ફૂલો હોય ને ત્યાં જોવાનું મન થાય છે ને ? તેમ આ સુંદર રૂપાળા મનુષ્યોને જોવાનું મન થઈ જાય છે ને ત્યાં જ ઝાપટ વાગી જાય છે. આ ફૂલાં સોડજો, ખાજો-પીજો; પણ 'આ' એક જ જગ્યાએ જોવાની જરૂર નથી, ક્યાંય આંખ મિલાવવી નહીં.

**પ્રશ્નકર્તા :** ના જોવું હોય તોય સુંદર સ્ત્રી દેખાઈ જાય, તો ત્યાં શું કરવું ?

**દાદાશ્રી :** તે ઘડી આંખ ના મિલાવવી.

**પ્રશ્નકર્તા :** આંખ મિલાઈ જાય તો શું કરવું ?

**દાદાશ્રી :** આપણી પાસે પ્રતિક્રમણનું સાધન છે, તેનાથી ધોઈ નાખવું. આંખ મળે તો તો પ્રતિક્રમણ તરત જ કરી નાખવું જોઈએ. તેથી તો કહ્યું છે ને, કે ચિતરામણવાળી સ્ત્રીનો ફોટો કે મૂર્તિ ના મૂકશો.

## સ્ત્રી-પુરુષના દૃષ્ટિરોગની દવા શી ?

આ જગતમાં સ્ત્રીને પુરુષનું અને પુરુષને સ્ત્રીનું એટ્રેકશન (આકર્ષણ) અમુક ઉંમર સુધી રહ્યા જ કરે. તે જોવાથી જ કૉઝીઝ ઉત્પન્ન થાય. લોક કહે, જોવાથી શું થાય ? અલ્યા, જોવાથી તો નર્યા કૉઝીઝ ઉત્પન્ન થાય જ, પણ જો (સમ્યક્) 'દૃષ્ટિ' આપી હોય તો જોવાથી કૉઝીઝ ઉત્પન્ન ના થાય. જગત આખું વ્યુપોઈન્ટથી જુએ છે, જ્યારે જ્ઞાની જ 'ફૂલ' (સંપૂર્ણ) દૃષ્ટિથી જુએ છે.

દૃષ્ટિ બદલાય પછી રમણતા ચાલુ થાય. દૃષ્ટિ બદલાય તો એનું કારણ છે, એની પાછળ ગયા અવતારના કોઝિઝ છે. તેથી કરીને બધાનું

જોઈને દૃષ્ટિ બદલાતી નથી, અમુકને જુએ ત્યારે દૃષ્ટિ બદલાય છે. કૉઝીઝ હોય, એનો આગળનો હિસાબ ચાલ્યો આવતો હોય તે અને પછી રમણતા થાય તો જાણવું કે વધારે મોટો હિસાબ છે. એટલે ત્યાં વધારે જાગૃતિ રાખવી.

આ લોક તો શું કહે છે કે મને સ્ત્રી માટેના ખરાબ વિચાર આવે છે. અલ્યા ! તું જોઉં છું ત્યારે જ ફિલમ પડી જાય છે ! એનું પછી રૂપકમાં આવે છે ત્યારે હવે એની બૂમો પાડે છે કે આમ કેમ થાય છે ? ફિલમ એ કૉઝીઝ છે અને રૂપક એ ઈફેક્ટ છે. અમને કૉઝીઝ જ ના પડે. જેને કૉઝીઝ જ ના પડે એને દેહધારી પરમાત્મા જ કહેવાય. સ્ત્રી એ તો એક જાતની આત્મા ઉપર ઈફેક્ટ છે. સ્ત્રી એ ઈફેક્ટ છે, પુરુષ એ ઈફેક્ટ છે. આની ઈફેક્ટ આપણી ઉપર ના પડે ત્યારે ખરું. હવે સ્ત્રીને આત્મા રૂપે જુઓ, પુદ્‌ગલને શું જોવાનું ? આ કેરીઓ રૂપાળી પણ હોય અને સડી પણ જાય, તેમાં શું જોવાનું ? જે સડે નહીં, કહોવાય નહીં તે આત્મા છે, તેને જોવાનો છે. અમને તો સ્ત્રી ભાવ, પુરુષ ભાવ જ નહીં. અમે એ બજારમાં જ પેસવાના નહીં.

'આ સ્ત્રી છે' એમ જુએ છે, એ પુરુષનો મહીં રોગ હોય તો જ સ્ત્રી દેખાય, નહીં તો આત્મા જ દેખાય અને 'આ પુરુષ છે' એમ જુએ છે, એ એનો સ્ત્રીનો રોગ છે. નીરોગી થાય તો મોક્ષ થાય. અત્યારે અમારી નીરોગી અવસ્થા છે. તે મને એવો વિચાર જ ના આવે. ફક્ત ખોખાં જુદાં છે એવું રહે, એ સ્વાભાવિક છે, પણ એવું લક્ષ રહે કે આ સ્ત્રી છે ને આ પુરુષ છે, એવી બધી ભાંજગડ નહીં. એ તો મહીં એ રોગ હોય ત્યાં સુધી જ એવું દેખાડે છે. જ્યાં સુધી એ રોગ છે ત્યાં સુધી આપણે પરેજીમાં શું કરવું જોઈએ ? ઉપયોગ જાગૃત રાખવો. આવું દેખાય કે તરત જ શુદ્ધાત્મા જુઓ. આ ભૂલ ખવડાવી એને 'દેખત ભૂલી' કહેવાય છે. પુરુષને પુરુષનો રોગ ના હોય તો 'આ સ્ત્રી છે' એવું ના દેખાય અને સ્ત્રીને સ્ત્રીનો રોગ ના હોય તો 'આ પુરુષ છે' એવું ના દેખાય, બધામાં આત્મા દેખાય.

**પ્રશ્નકર્તા :** એટલી બધી જાગૃતિ ના રહે ને ?

**દાદાશ્રી :** જાગૃતિ ના રહે તો માર જ ખાવાનો. આ બ્રહ્મચર્ય તો જેને બહુ જાગૃતિ રહે તેને કામનું.

ક્રમિકમાર્ગમાં તો સ્ત્રીને પાસે રાખે જ નહીં. કારણ કે એ મહાન જોખમ છે. સ્ત્રી એ પુરુષને માટે જોખમ છે અને પુરુષ એ સ્ત્રીને માટે જોખમ છે. પણ હું કહું છું કે આમાં સ્ત્રીનો દોષ નથી. સ્ત્રી તો આત્મા છે, દોષ તારા સ્વભાવનો છે.

## પેટ્રોલ અગ્નિને જોડે ના મૂકાય

શાસ્ત્રકારોએ કહ્યું છે, જગતે કહ્યું છે કે પેટ્રોલ અને અગ્નિ એ બે જોડે ના મૂકાય. છતાં આપણે અહીં જોડે બને (હોય) છે. તો આટલું ચેતીને ચાલવાનું કે દીવાસળી ના પડવી જોઈએ.

અહીં આ સ્ત્રીઓને, પુરુષોને, દરેકને પ્રતિક્રમણનું સાધન આપ્યું છે. દૃષ્ટિ બગડી કે તરત પ્રતિક્રમણ કરવું, પછી જોખમદારી મારી. કારણ કે તમે પ્રતિક્રમણ કર્યું, મારી આજ્ઞા પાળી એટલે જોખમદારી બધી મારી. પછી આપને શું જોઈએ ? જોખમદારી દાદા લેતા હોય, પછી શો વાંધો છે ?

આપણા જ્ઞાનથી બહાર તો દૃષ્ટિ બેસે જ નહીં અને બેસે તો ઉખેડીને પાછું પ્રતિક્રમણ કરી લે. બેસે ખરી પહેલાંનો માલ ભરેલો એટલે, પણ ઉખેડીને પ્રતિક્રમણ કરે. આલોચના-પ્રતિક્રમણ ને પ્રત્યાખ્યાન જબરજસ્ત હોય.

**પ્રશ્નકર્તા :** દૃષ્ટિ ના બગડે, મન ચોખ્ખું રહે, એના માટે તો કેટલી બધી જાગૃતિ રાખવી પડે !

**દાદાશ્રી :** ઓહોહો ! એની જાગૃતિ ના રાખે, ત્યારે પછી કરવાનું શું ? એ તો ફાઈલો હજુ આવતા ભવમાંય ચોંટે પાછી. ગયા અવતારની ચોંટેલી, તે આ જ્ઞાને કરીને ઉખાડી નાખવાની છે. નવી ચોંટે નહીં એ જ જોવાનું ને !

## દાદા પાસે ખુલ્લું કરતા, ઉડે સઘળું

**પ્રશ્નકર્તા :** સ્વભાવ મુજબ, પ્રાકૃતિક ગુણધર્મ મુજબ બીજે દ્દષ્ટિ બગડી જાય, તો એ સંસાર કેમ કરીને ભૂંસાય ?

**દાદાશ્રી :** એ ભૂંસવાની અમારી પાસે બધી દવા હોય. આ વર્લ્ડમાં એવી કોઈ દવા નથી કે જે દવા અમારી પાસે ના હોય. આ છોકરાંઓને અમે બ્રહ્મચર્યવ્રત આપ્યું છે. હવે આ બ્રહ્મચર્યવ્રતને લઈનેય પછી કો'ક સ્ત્રી એને ભેગી થઈ જાય, તો એને દ્દષ્ટિનું ખેંચાણ થઈ જાય ને મન એનું બગડી જાય ખરું, તો તેને હું દોષ કહેતો નથી. એ થઈ જાય, તો પછી એને એ તરત ભૂંસી નાખવાના. કારણ કે અમે સાબુ આપેલો હોય છે. હું રસ્તામાં જતો હોઉં અને મારા કપડાં ઉપર ડાઘ પડ્યો. તે તરત મને ધોઈ નાખવાનું આવડતું હોય, તો પછી તમારે ત્યાં ચોખ્ખો આવું કે ના આવું ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** ગયા અવતારે જે ભૂલ થયેલી, તેનાથી આ અવતારે દ્દષ્ટિ પડી જાય. આપણે દ્દષ્ટિ ના પાડવી હોય તોય દ્દષ્ટિ પડી જાય. દ્દષ્ટિ પડ્યા પછી આપણે ના ખેંચાવા દેવું હોય તોય પાછું મન ખેંચાય. એટલે પહેલાંનો હિસાબ છે માટે આવું બધું થાય છે. ત્યાં આપણે પ્રતિક્રમણ કરીને છૂટીએ, તોય પાછું ફરી દ્દષ્ટિ પડે તો ફરી પ્રતિક્રમણ કરીએ, એવું સો-સો વખત પ્રતિક્રમણ કરે ત્યારે છૂટાય. કેટલાક પાંચ પ્રતિક્રમણથી છૂટે, કેટલાક એક પ્રતિક્રમણથી છૂટે.

**પ્રશ્નકર્તા :** પ્રતિક્રમણ કર્યા છતાંય ત્યાં ચાલ્યું જાય, તો એ નબળાઈ જ ને કે પછી દાનત ચોર થઈ જાય છે કે મહીં મન-બુદ્ધિ-ચિત્ત-અહંકાર પોતાને છેતરવા લાગે છે ?

**દાદાશ્રી :** પ્રતિક્રમણ કર્યા છતાં કાર્ય થઈ જાય, તો તો પછી એ 'વ્યવસ્થિત' છે. એ 'વ્યવસ્થિત'ના હાથમાં આવી ગયું કહેવાય, એ વ્યવસ્થિતની (એટલે કે પરસત્તામાં-ડિસ્ચાર્જમાં) ભૂલ છે. છતાં આ વધારે પડતું થાય ત્યારે એના માટે ખાસ ઉપવાસ ને એવો બધો દંડ લેવો જોઈએ. આપણા મનને ભાવતું હોય તે દહાડે ઓછું કરી નાખીએ, એવી કંઈક શિક્ષા કરવી જોઈએ. આને વીંધ્યું કહેવાય. ગોળી મારીએ ને એક્ઝેક્ટ જગ્યાએ વાગે એવું આ વીંધ્યું કહેવાય. એનાથી કર્મ ના બંધાય. એટલે આ ફરી ભૂલ થાય ત્યાં આગળ તો આપણે પ્રતિક્રમણ કરવું જોઈએ.

મહીં બગડ્યું હોય, તે વખતે તો પ્રતિક્રમણ કરીને ધોઈ નાખવું. પછી દાદા પાસે રૂબરૂ આવીને કહી દેવું કે આવું અમારું મન બહુ બગડી ગયું'તું. દાદા, તમારાથી કંઈ છૂપું રાખવું નથી. એટલે બધું ઊડી જાય. અહીંની અહીં જ દવા આપીએ. બીજા કોઈને દોષ બેઠો હશે ને, તે અમે ધોઈ આપીશું.

## દ્દષ્ટિ ખેંચાય ત્યાં પડી મહીં રુચિ

**પ્રશ્નકર્તા :** પેલી ફરી ફરી દ્દષ્ટિ ખેંચાય, એકની એક જગ્યાએ દ્દષ્ટિ ખેંચાય, એ તો ઈન્ટરેસ્ટ (રુચિ) હોય તો જ ખેંચાય, એવું ના કહેવાય?

**દાદાશ્રી :** ઈન્ટરેસ્ટ જ ને ! ઈન્ટરેસ્ટ વગર તો દ્દષ્ટિ ખેંચાય જ નહીં ને !

**પ્રશ્નકર્તા :** મહીં રુચિ ખરી. દ્દષ્ટિ ખેંચાય એનું પ્રતિક્રમણ થાય. પછી રાત પડી કે પાછું દ્દષ્ટિ ત્યાં આગળ જાય, રુચિ થાય, એનું પ્રતિક્રમણ થઈ જાય, એ ચેપ્ટર (પ્રકરણ) પૂરું થઈ ગયું. પાછી પાંચ-દસ મિનિટ અસર થાય. એટલે થાય કે આ શું ગરબડ છે ?

**દાદાશ્રી :** એ ફરી ધોઈ નાખવું જોઈએ, એટલું જ બસ.

**પ્રશ્નકર્તા :** બસ એટલું જ, બીજું મનમાં કાંઈ રાખવાનું નહીં?

**દાદાશ્રી :** આ માલ આપણે ભરેલો છે અને જિમ્મેદારી આપણી છે. એટલે આપણે જોયા કરવાનું, ધોવામાં કાચું ના રહી જવું જોઈએ.

**પ્રશ્નકર્તા :** કપડું ધોવાઈ ગયું કોને કહેવાય ?

**દાદાશ્રી :** આપણને પોતાને જ ખબર પડે કે મેં ધોઈ નાખ્યું, પ્રતિક્રમણ કરીએ એટલે.

**પ્રશ્નકર્તા :** મહીં ખેદ રહેવો જોઈએ ?

**દાદાશ્રી :** ખેદ તો રહેવો જ જોઈએ ને ! જ્યાં સુધી આ નિવેડો ના આવે ત્યાં સુધી ખેદ તો રહેવો જ જોઈએ. આપણે તો જોયા કરવાનું, ખેદ રાખે છે કે નહીં તે. આપણે આપણું કામ કરવાનું છે, એ એનું કામ કરે.

**પ્રશ્નકર્તા :** દાદા, આપણો આ જે ભરેલો માલ છે, તે આ જ ભવમાં બદલાઈ જશે ને ?

**દાદાશ્રી :** એ તો બધું બદલાઈ જાય. આપણે ફેરવવા ધાર્યું એટલે બધું બદલાઈ જ જવાનું ને ! આ તો બધી જૂની ખોટ, હવે એ ધંધો બંધ કરી દીધો.

## શુદ્ધાત્મા જાગૃતિએ દૃષ્ટિ નિર્મળ

કોઈ સ્ત્રી ઊભેલી હોય તેને જોઈ, પણ તરત દૃષ્ટિ પાછી ખેંચી લીધી. છતાં તે પછી દૃષ્ટિ તો પાછી ત્યાં ને ત્યાં જ જતી રહે. આમ દૃષ્ટિ ત્યાં જ ખેંચાયા કરે એ 'ફાઈલ' કહેવાય. એટલે આટલી જ ભૂલ આ કાળમાં સમજવાની છે. પાછલી જે ફાઈલ ઊભી થઈ હોય, જરાક નાની અમથી પણ 'ફાઈલ', કે જે આપણને આકર્ષણ કરે એવી હોય, એવી આપણને ખબર પડે કે આ 'ફાઈલ' છે; ત્યાં આગળ ચેતતા રહેવું. હવે ચેતીને બીજું શું કરવાનું ? જેને શુદ્ધાત્મા જોતાં આવડ્યો છે, એણે એના શુદ્ધાત્મા જો જો કરવાના. એનાથી એ આખુંય બધું ઊડી જાય.

**પ્રશ્નકર્તા :** સાથે સાથે પ્રતિક્રમણ ને પ્રત્યાખ્યાન રાખવાનું ને ?

**દાદાશ્રી :** હા, એ તો કરવું જ પડે ને !

**પ્રશ્નકર્તા :** આકર્ષણની ફાઈલ એ કંઈ 'કન્ટીન્યુઅસ' (સતત) નથી રહેતી. પણ આ આકર્ષણ ઊભું થાય, જેમ અહીં લોહચુંબક હોય ને આ ટાંકણીનું અહીંથી પસાર થવું ને ખેંચાઈ જાય, પણ તરત ખબર પડી કે ખેંચાઈ ગયું. એટલે પાછું તરત ખેંચી લઈએ.

**દાદાશ્રી :** જે ખબર પડે છે એ આ 'જ્ઞાન'ને લઈને ખબર પડે છે, નહીં તો બીજો તો બેભાન થઈ જાય. એટલે પછી આપણે એનું પ્રતિક્રમણ કરવું પડે. પછી આપણે નિર્મળ દૃષ્ટિ દેખાડવી જોઈએ. આપણામાં રોગ હોય તો જ સામો માણસ આપણો રોગ પકડે ને ? અને આપણી નિર્મળ દૃષ્ટિ દેખે તો ? દૃષ્ટિ નિર્મળ કરવી, એ આવડે કે ના આવડે ?

**પ્રશ્નકર્તા :** વધારે ફોડ પાડો કે કેવી રીતે દૃષ્ટિ નિર્મળ કરવી ?

**દાદાશ્રી :** 'હું શુદ્ધાત્મા છું' એ જાગૃતિમાં આવી જાય, પછી દૃષ્ટિ નિર્મળ થઈ જાય. ના થઈ હોય તો શબ્દથી પાંચ-દસ વખત બોલીએ, કે 'હું શુદ્ધાત્મા છું, હું શુદ્ધાત્મા છું, હું શુદ્ધાત્મા છું' તોય પાછું આવી જાય અથવા 'દાદા ભગવાન જેવો નિર્વિકારી છું, નિર્વિકારી છું' એમ બોલીએ તોય પાછું આવી જાય. એનો ઉપયોગ કરવો પડે, બીજું કશું નહીં. આ તો વિજ્ઞાન છે, તરત ફળ આપે અને જરાક જો ગાફેલ રહ્યો તો બીજી બાજુ ઉડાડી મારે એવું છે !

## વિષયમાં સુખ નથી, પાકું સમજીએ

અમે તો કેટલાંય અવતારથી ભાવ કરેલા. તે અમને તો વિષય માટે બહુ જ ચીઢ, તે એમ કરતાં કરતાં છૂટી ગયા. વિષય અમને મૂળથી જ ના ગમે. પણ શું કરવું ? કેમ છૂટવું ? પણ અમારી દૃષ્ટિ બહુ ઊંડી, બહુ વિચારશીલ, એટલે આમ ગમે તેવાં કપડાં પહેરેલાં હોય તોય બધું આરપાર દેખાય નર્યું, એમનું એમ દૃષ્ટિથી ચોગરદમનું બહુ દેખાય. એટલે રાગ ના થાય ને ! અમને બીજું શું થયું કે આત્મસુખ પ્રાપ્ત થયું. જલેબી ખાઈએ, ત્યાર પછી ચા મોળી લાગે. એમ આત્માનું સુખ જેને પ્રાપ્ત થઈ ગયું, તેને વિષયસુખ બધા મોળાં લાગે.

તને મોળું નથી લાગતું ? પહેલાં જે લાગતું હતું, એવું હવે ના લાગે ને ?

**પ્રશ્નકર્તા :** મોળું લાગે તો ખરું, પણ પાછો મોહ ઉત્પન્ન થઈ જાય.

**દાદાશ્રી :** મોહ તો ઉત્પન્ન થઈ જાય, એ તો કર્મના ઉદય હોય. કર્મ બંધાયેલા છે, તે મોહ ઉત્પન્ન કરાવે. પણ તમને આમ લાગે ખરું કે ખરું સુખ તો આત્મામાં છે ?

**પ્રશ્નકર્તા :** હા, એ બરાબર લાગે. આ વિષયમાં સુખ નથી, એ તો પાકું સમજાઈ ગયું છે.

**દાદાશ્રી :** બીજી કોઈ સ્ત્રીને જોઉં, તો તને વિચાર નથી થતો ને ?

**પ્રશ્નકર્તા :** થાય કોઈ વાર.

**દાદાશ્રી :** એવું થાય એટલે કે હજુ કચાશ છે.

**પ્રશ્નકર્તા :** ખાલી આમ સાધારણ મોહ જ થાય, બીજું કંઈ નહીં.

**દાદાશ્રી :** મોહ તો પછી ઢસડી જ જાય ને ! આ વિષયની બાબત તો જીતવી બહુ અઘરી વસ્તુ છે. આ આપણા જ્ઞાનથી જીતી શકે એમ છે. આ જ્ઞાન કાયમ સુખદાયી છે ને તો જીતાય.

## થ્રી વિઝનના પ્રયોગે છૂટે દૃષ્ટિદોષ

મારો જે પ્રયોગ કરેલો હતો, એ પ્રયોગ જ વાપરવાનો. અમારે એ પ્રયોગ નિરંતર ગોઠવાયેલો જ હોય. તે અમને જ્ઞાન થતાં પહેલાંય એ જાગૃતિ રહેતી હતી. આમ સુંદર કપડાં પહેર્યાં હોય, બે હજારની સાડી પહેરી હોય તોય જોતાંની સાથે જ તરત જાગૃતિ ઊભી થાય, તે નેકેડ (કપડાં વગરની) દેખાય. પછી બીજી જાગૃતિ ઉત્પન્ન થાય, તે ચામડી વગરનું દેખાય અને ત્રીજી જાગૃતિ, પછી પેટ કાપી નાખે તો મહીં આંતરડાં દેખાય, આંતરડાંમાં શો ફેરફાર થાય છે એ બધું દેખાય. મહીં લોહીની નસો દેખાય, સંડાસ દેખાય, આમ બધો ગંદવાડો દેખાય. પછી વિષય ઊભો થાય જ નહીં ને ! આમાંથી આત્મા ચોખ્ખી વસ્તુ છે, ત્યાં આગળ જઈને અમારી દૃષ્ટિ અટકે, પછી શી રીતે મોહ થાય ? લોકોને આવું આરપાર દેખાય નહીં ને ! લોકોને એવી દૃષ્ટિ નહીં ને ! એવી જાગૃતિયે ક્યાંથી લાવે ? આવું દેખાય, એ તો મોટામાં મોટી જાગૃતિ કહેવાય. એટ-એ-ટાઈમ આ ત્રણેય જાગૃતિ હોય. આ મને જે જાગૃતિ હતી, તે તમને કહું છું. જે રીતે હું જીત્યો છું, એ રીતે તમને બધાને આ જીતવાનો રસ્તો દેખાડ્યો. રસ્તો તો હોવો જોઈએ ને ? અને તે કંઈ જાગૃતિ વગર તો કોઈ દહાડોય બને જ નહીં ને ?

આ તો કાળ એવો વિચિત્ર છે ! પહેલાં તો લિપસ્ટિકો અને મોઢે પાવડર, એ બધું ક્યાં ચોપડતા હતા ? જ્યારે અત્યારે તો એવું બધું ઊભું કર્યું છે કે ઊલટું ખેંચાણ કરે માણસને, એવું બધું મોહબજાર થઈ ગયું છે ! પહેલાં તો શરીર સારું હોય, દેખાવડી હોય તોય આવા મોહના સાધન

નહીં. અત્યારે તો નર્યું મોહબજાર જ છે ને ! તે કદરૂપા માણસેય રૂપાળા દેખાય છે, પણ આમાં શું જોવાનું ? આ તો નર્યો ગંદવાડો !

એટલે મને તો બહુ જાગૃતિ રહે, જબરજસ્ત જાગૃતિ રહે ! આપણું જ્ઞાન જાગૃતિવાળું છે. એટ-એ-ટાઈમ લાઈટ કરવી હોય તો થાય એવી છે! હવે જો તે ઘડીએ આવી જાગૃતિનો ઉપયોગ ના કરે તો માણસ માર્યો જાય. આપણે ઘણુંય શુદ્ધાત્મા જોવા જઈએ તો પણ એ દૃષ્ટિ સ્થિર થવા ના દે. એટલે આવો ઉપયોગ જોઈએ. તે અમને જ્ઞાન થતાં પહેલાં આવો ઉપયોગ ગોઠવાયેલો, નહીં તો આ મોહબજાર તો મારી જ નાખે આ કાળમાં. આ તો સ્ત્રીઓને જોવાથી જ રોગ પેસી જાય ને ! હવે શું એ પૈણેલા નથી ? પૈણેલા હોય તોય એવા ! કારણ કે આ કાળ જ એવો છે ! આ થ્રી વિઝન યાદ રહેશે કે ભૂલી જશો ?

**પ્રશ્નકર્તા :** દૃઢ નિશ્ચય હોવા છતાં કોઈ સ્ત્રી તરફ વારંવાર દૃષ્ટિ ખેંચાય છે અને થ્રી વિઝન જાણવા છતાં 'જેમ છે' તેમ દેખાતું કેમ નથી?

**દાદાશ્રી :** એ થ્રી વિઝન જાણેલું નથી. થ્રી વિઝન જાણે તો એને છે તે દૃષ્ટિ ખેંચાય જ નહીં. થ્રી વિઝન દેખાય એટલે હાથ જ ઘાલે નહીં પછી. આ તો દૃષ્ટિ પડે તો ઊલટું પાછું જોઈ લે.

**પ્રશ્નકર્તા :** થ્રી વિઝન નથી દેખાતું, એ મોહને લીધે ?

**દાદાશ્રી :** થ્રી વિઝન શું છે તે જ જાણતો નથી. મોહને લીધે ભાનમાં જ ના આવે ને મોહ એટલે બેભાનપણું !

**પ્રશ્નકર્તા :** એટલે હવે થ્રી વિઝન દેખાય, એનો ઉપાય શું ?

**દાદાશ્રી :** એ કંઈ દેખાવાનું જ નથી, એનો ઉપાય જ ક્યાં કરવાનો? એ જેને દેખાય, એ માણસ જ જુદી જાતના હોય, અફલાતુન માણસ હોય !

આ કાળમાં એટલો બધો વૈરાગ રહે નહીં માણસને ! એટલે આ થ્રી વિઝન બહુ ઊંચી વસ્તુ છે. એનાથી પછી વૈરાગ રહે. અમે નાની ઉંમરમાંથી આવો પ્રયોગ કરેલો. શોધખોળ કરી કે આ જ રોગ છે, મોટામાં મોટો. પછી આ જાગૃતિથી પ્રયોગ કરેલો. પછી તો અમને સહજ થઈ ગયું. અમને એમ ને એમ બધું સહેજે દેખાય. બે-ચાર વાર ગટરનું ઢાંકણું ઉઘાડવાનું હોય, પછી ખબર ના પડે કે મહીં શું છે તે ? પછી એવી ગટર આવે તો ખબર ના પડે ? વખતે બે-ચાર વાર ભૂલ થઈ જાય, પણ પછી તો આપણને ખબર રહે ને ?

**પ્રશ્નકર્તા :** એવો કોઈ રસ્તો નથી, શોર્ટકટ નથી કે થ્રી વિઝન પહેલાં જ આરપાર ચોખ્ખું દેખાય ?

**દાદાશ્રી :** આ જ શોર્ટકટ ! મોટામાં મોટો શોર્ટકટ જ આ ને ! આ થ્રી વિઝનથી અભ્યાસ કરતો કરતો આગળ જાય એટલે 'જેમ છે તેમ' એને દેખાય. પછી વિષય છૂટી જાય. થ્રી વિઝન સિવાયનો રસ્તો ઊંધે રસ્તે ચાલવાનો શોર્ટ રસ્તો કહેવાય. અમને બધું આરપાર દેખાય. આ જ્ઞાન એવું છે કે જ્યારે ત્યારે તમને આવી દૃષ્ટિ કરાવશે. કારણ કે જ્ઞાનના આપનારાની દૃષ્ટિ આવી છે, મારી આવી દૃષ્ટિ છે. એટલે જ્ઞાનના આપનારાની જેવી દૃષ્ટિ હોય તેવી દૃષ્ટિ થાય. જેને આરપાર દેખાયા કરે, તેને કેમનો મોહ થાય તે? થ્રી વિઝનથી તો બધું રાગે પડી જ જાય !

## જ્ઞાનીનું જાગૃત દર્શન

અણહક્કનું હોય તો બધા મારવા ફરી વળે, શાથી ? અણહક્કની ધાડ પાડી તેથી. અણહક્કની ધાડ જાણી-જોઈને પાડે છે ? ના, એ તો દૃષ્ટિ એવી થઈ ગઈ છે. લોકોની દૃષ્ટિ તો જાત જાતની હોય.

તે તમારી દૃષ્ટિ આમ સીધી હોય તોય પેલી તારી દૃષ્ટિ ખેંચી લે. એટલે ત્યાં પછી સામું જોઈએ ત્યારે ભાંજગડ થાય ને ! જ્ઞાની પુરુષને તો ગમે તેની સામે જોવાનો વાંધો નહીં. કારણ કે એમની પાસે તો બધી જ જાતના 'લૉક એન્ડ કી' (તાળા-ચાવી) હોય. કોઈનું એમની પાસે ચાલે નહીં. પણ બધી જાતના 'લૉક એન્ડ કી' ક્યારે થાય કે વિષય બંધ થાય પછી. જ્ઞાની પુરુષને વિષય જ ના હોય, ત્યારે એમને એવો વ્યવહાર જ ના આવે ને ! વિષય ક્યારે જાય ? એ વિષય તો જાગૃતિથી જાય. વિષય એમ ને એમ જાય એવો નથી. છેલ્લો વિષય, એક હક્કનો વિષય પણ તૂટે ક્યારે ? જાગૃતિ હોય તો.

અમને તો 'થ્રી વિઝન'થી એક જ સેકન્ડમાં બધું આરપાર દેખાય છે. અમારું એટલું બધું ઊંચું દર્શન હોય, પછી શી રીતે રોગ ઊભો થાય ? હવે એટલી જાગૃતિ હોય ત્યારે છેલ્લા સ્ટેશનમાં પહોંચાય. આખી દુનિયામાં જાગૃતિવાળા કેટલા ? સો-બસો માણસ હશે ને ? કોઈ કાળે એક જાગૃતિવાળો હોતો નથી. આ કાળમાં આ હું એકલો જ છું. આવા જાગૃતિવાળા તો હોતા હશે? પોતે દેહધારી થઈ અને આવી જાગૃતિ તો હોતી હશે ? મોટો સાયન્ટિસ્ટ હોય કે માનસશાસ્ત્રી હોય, પણ આવી જાગૃતિ જ ના હોય ને !

અમને પુદ્‌ગલ ઉપર રાગ જ નહીં ને ! આ મારા જ પુદ્‌ગલ ઉપર અમને રાગ નહીં. પુદ્‌ગલથી હું તદ્દન છૂટો રહું છું. પોતાના પુદ્‌ગલ ઉપર જેને રાગ હોય, તેને બીજાના પુદ્‌ગલ ઉપર રાગ થાય. અનંત અવતારથી આનું આ જ ભોગવ્યું તો પણ છૂટતું નથી, એ અજાયબી જ છે ને ! કેટલાંય અવતારથી વિષયસુખનો વિરોધી થયેલો હોય, વિષયસુખને આવરણિક દૃષ્ટિ રહિત ખૂબ ખૂબ વિચાર્યું હોય, જબરજસ્ત વૈરાગ ઉત્પન્ન થયેલો હોય તો એ છૂટે. વૈરાગ ક્યારે ઉત્પન્ન થાય ? એને મહીં જેવું છે તેવું દેખાય ત્યારે.

જેનામાં રાગ નામનો રોગ નથી એવા વીતરાગની કૃપાથી અનંતકાળનો રોગ જાય.

## અવળી દૃષ્ટિ એ છે ભૂલ

સ્ત્રીનો દોષ નથી, આપણી ભૂલનો દોષ છે, આપણી સમજણનો દોષ છે. સ્ત્રીનો શો દોષ ? જો સ્ત્રીમાં દોષ હોય તો તો પછી આ ભેંસોય સ્ત્રી જ છે ને ? કેમ ત્યાં લોકો નથી ખેંચાતા ? આપણી અવળી સમજણ છે એટલે ખેંચાઈએ છીએ. એ અવળી સમજણ કાઢીએ એટલે બધું નીકળી જાય અને જ્યારે ત્યારે તો આ અવળી સમજણ કાઢ્યા વગર છૂટકો જ નથી. એટલો બધો ગંદવાડો છે કે મને તો એ ચીઢ જ નથી જતી !

**પ્રશ્નકર્તા :** પણ એના બદલે સ્ત્રીઓને શુદ્ધસ્વરૂપે, શક્તિરૂપે, આત્મારૂપે જોઈએ તો ?

**દાદાશ્રી :** શુદ્ધરૂપે જુઓ તો બહુ સુંદર કહેવાય ! અમે સ્ત્રીઓને શુદ્ધસ્વરૂપે જોઈએ છીએ, તે અમને બહુ આનંદ થાય. શુદ્ધસ્વરૂપે જોવા જઈએ તો સ્ત્રી એ તો ખોખું છે, પેકિંગ છે. એમાં એ બિચારીનો શો દોષ? આપણી જ ભાંજગડ છે, આપણી દૃષ્ટિ અવળી છે. આપણે દૃષ્ટિ ફેરવીએ તો આપણને કશું અડતું નથી. આપણી દૃષ્ટિ અવળી છે તે ભૂલ છે, તેમાં કોઈનો શો દોષ ?

પણ તે આ બધું એમ ને એમ થાય એવું નથી. બહુ બહુ વિચારે તો આ છૂટે. પણ એવું બહુ વિચાર્યેય પણ થાકી જાય એવું છે. માટે કોઈ એવા માણસને જો મળી ગયા હોય કે આપણે એમની જોડે રહીએ તો એમના પ્રમાણે આપણે થઈ જઈએ. એમ ને એમ જ એવા થઈ જઈએ. એમનો પ્રભાવ પડ્યા કરે આપણી પર અને આપણે તે રૂપ થતાં જઈએ. એટલે વસ્તુસ્થિતિમાં બીજો કોઈ ઉપાય નથી. અમને બધી ગૂંચો આગળ દેખાયેલી! સ્થૂળ ભાગ બધો વિચારે કરીને ને સૂક્ષ્મ ભાગ બધો દર્શનથી જોઈ નાખેલો ! તેથી

તો જગતની બધી ગૂંચો ઉકેલી નાખીએ છીએ ને !

## દર્શન મોહથી ખડો સંસાર

અનંત અવતારથી દર્શનમોહને લીધે ઊભી થયેલી આ સંસાર જંજાળ છે. તે સમ્યક્દર્શન થાય ત્યારે દર્શનમોહ તૂટે. જગત શાથી ઊભું રહ્યું છે ? દર્શનમોહથી. આટઆટલું કરવા છતાં મુક્તિને કેમ નથી પામતા ? દર્શનમોહ નડે છે. કોઈ માણસ રાતે જમ્યો હોય, પણ સવારે પાછી કકડીને ભૂખ લાગી હોય, તો એ સોનાની દુકાન કે સાડીની દુકાન ના જુએ, પણ એને તો કંદોઈની દુકાન જ દેખાય. શાથી ? એનું ચિત્ત ખાવા માટે જ ભટક્યા કરતું હોય ? દેહમાં ભૂખની 'ઈફેક્ટ' થઈ એટલે ખાવાનો મોહ થયા કરે, એનું નામ દર્શનમોહ. દેહને વિષયની ભૂખ લાગે તો સ્ત્રીનો મોહ જાગે. એટલે આ દર્શનમોહથી તો આવતા અવતારના બીજ નાખે છે ને ! તેથી આવતા અવતારનો સંસાર ઊભો કરે છે. વીતરાગને એકુંય નજર ના લાગે. માટે સંસારથી છૂટવું હોય તો વીતરાગ થા. પણ વીતરાગ કેવી રીતે થાય ? દર્શનમોહ તૂટે એવી કોઈ રીત કર ! દર્શનમોહથી સંસાર ઊભો રહ્યો છે.

આપણે કંઈક સારા ભીંડા જોયા તો આપણી આંખ ત્યાં ચોંટી જાય. કંઈક સારું જોયું ત્યાં નજર ચોંટી જાય. નજર ચોંટી એટલે સંસાર ઊભો થઈ ગયો. આ જગત ઉઘાડી આંખે (મોહદ્રષ્ટિથી) જોવા જેવું છે જ નહીં. તેમાંય કળિયુગમાં તો ભયંકર અસરો કરે. આ આંખમાંથી બહુ સંસાર ઊભો થઈ જાય છે.

આપણો દ્રષ્ટિદોષ ઓછો કરે, એનું નામ ધર્મ. દ્રષ્ટિદોષ વધારે તે અધર્મ. સંસાર એ દ્રષ્ટિદોષનું જ પરિણામ છે.

જેને મોક્ષે જવું હોય તે પુરુષ સ્ત્રી જાતિ ઉપર કે સ્ત્રીએ પુરુષ જાતિ ઉપર દ્રષ્ટિ જ માંડવાની બંધ કરવી. નહીં તો આનો ઉકેલ જ નહીં આવે. આ ચામડી કાઢી નાખે તો શું દેખાય ? પણ આ માણસો તો આમેય એવા ગંધાય છે કે એમ થાય કે આ તો કઈ જાતના માણસ છે ! પહેલાંના કાળમાં એવી સ્ત્રીઓ હતી પદ્મિની-સ્ત્રીઓ, તે સુગંધ આવે ! બાજુમાં બેઠી હોય તો પણ અહીં સુગંધ આવ્યા કરે. અત્યારે તો આ પુરુષોમાં બરકત જ નથી ને સ્ત્રીઓમાં પણ બરકત નથી. બધો ફેંકી દેવાનો માલ, કાઢી નાખવાનો માલ કહેવાય, રબીશ મટીરિયલ્સ ! એમાં પાછો મોહ ચોંટાડે. અલ્યા, એમાં કશું મોહ રાખવા જેવું તને લાગ્યું ? કેમ ધોળી ચામડી હોય તેથી ? સીલબંધ પેટ્રોલના ડબ્બા હોય, હવા પણ ના નીકળે એવા હોય, છતાં આ રૂમમાં કોઈ બીડી પીવે તોય ડબ્બા સળગી જાય. માટે સ્ત્રી-પુરુષોએ 'બીવેર ઓફ પેટ્રોલ' એવું બોર્ડ મારવું.

## દ્રષ્ટિ માંડીએ, તો દ્રષ્ટિ બગડે ને

ગમે તે એક બાજુ હ્રદય તો લાગેલું જ રહે છે; કાં તો આ બાજુ લાગેલું રહે, કાં તો આ બાજુ રહે. અહીં છૂટી જાય તો પેણે લાગી જાય. એના માટે આપણે બેસી ના રહેવું પડે. માટે બહુ ચેતવા જેવું છે. આપણે અહીંથી છોડીએ ત્યારે જ પેણે લાગે ને ? અને ત્યાં ચોંટવાનું થાય, તે પહેલાં ચેતી જવું. દ્રષ્ટિ તો માંડવી જ નહીં, નીચું જ જોઈને ચાલવું. તું કોઈના સામે દ્રષ્ટિ માંડતો નથી ને ?

**પ્રશ્નકર્તા :** ના.

**દાદાશ્રી :** તો તો બહુ ડાહ્યો, તું જીતી ગયો. દ્રષ્ટિ તો ક્યારેય ના માંડવી, બહુ બૂમાબૂમ કરે તોય. નહીં તો અહીં આ સત્સંગમાં દિલ લાગેલું હશે, તેય ઊડી જશે.

દુષમકાળમાં આંખને સંભાળવી. આ દુષમકાળ છે, માટે ચેતો, હજુ ચેતો. દ્રષ્ટિ તો બિલકુલ શુદ્ધ રહેવી જોઈએ. પહેલાંના કાળમાં તો

કડક માણસો, તે આંખો ફોડી નાખતા હતા. આપણે આંખને ફોડી નહીં નાખવાની. એ તો મૂર્ખાઈ છે; પણ આપણે દૃષ્ટિ ફેરવી નાખવાની છે. તેમ છતાં જોવાઈ જાય તો પ્રતિક્રમણ કરી લેવું. આ પ્રતિક્રમણ તો એક મિનિટ ચૂકશો નહીં. ખાધે-પીધે વાંકું થયું હશે તો ચાલશે, પણ આ દૃષ્ટિ જ કેમ કરાય ? સંસારમાં મોટામાં મોટો રોગ જ આ છે, આને લઈને સંસાર ઊભો રહ્યો છે. વિષયના મૂળિયા ઉપર સંસાર ઊભો રહ્યો છે, વિષય જ મૂળ છે.

વિષય તો દરેકને ના જ ગમે, પણ આ પહેલી વખતના હિસાબ થઈ ગયા છે ને આંખ માંડી ત્યારથી હિસાબ ચાલુ થઈ ગયો. તે પછી ના છોડે. આ બધી સ્ત્રીઓ કંઈ આપણને આકર્ષતી નથી, જે આકર્ષે છે તે આપણો પાછલો હિસાબ છે; માટે ત્યાં ઉખેડીને ફેંકી દો, ચોખ્ખું કરી નાખો. આપણા જ્ઞાન પછી કશો વાંધો નથી આવતો, માત્ર એક વિષય માટે અમે ચેતવીએ છીએ. દૃષ્ટિ માંડવી જ ગુનો છે અને એ સમજ્યા પછી જોખમદારી ખૂબ વધી જાય છે. માટે કોઈની જોડે દૃષ્ટિ જ ના માંડવી. દૃષ્ટિ માંડવાથી જ બધું બગડે છે. દૃષ્ટિ બગડે છે, તેય એકદમ નથી બગડતી, પહેલાંનો હિસાબ હોય તો જ આકર્ષણ થાય. મૂળ દૃષ્ટિ ના બગડે, બગડેલી જ દૃષ્ટિ બગડે.

## દૃષ્ટિદોષે વીર્યશક્તિનું અધોગમન

એક ચેતવા જેવું તો વિષય બાબતમાં છે. એક વિષયને જીતે તો બહુ થઈ ગયું. એનો વિચાર આવતા પહેલાં જ ઉખેડી નાખવું પડે. મહીં વિચાર ઊગ્યો કે તરત જ ઉખેડી નાખવું પડે. બીજું, આમ દૃષ્ટિ મળી કો'કની જોડે, તો તરત ખસેડી નાખવી પડે. નહીં તો એ છોડવો આવડો અમથો થાય કે તરત એમાંથી પાછા બીજ પડે. એટલે એ (વિષયનો) છોડવો તો ઊગતાં જ કાઢી નાખવો પડે. આપણને ખબર પડે કે આ ગુલાબનો છોડ ન હોય; આ બીજો છે. એટલે તરત ઉખેડીને ફેંકી દેવું.

બાકી વિષય આગળ તો જૈન ધર્મે શું કહ્યું છે કે ઝેર ખાઈને મરી જજે, પણ વિષય ના કરીશ. બ્રહ્મચર્ય જ ના તૂટવું જોઈએ, એવું જૈન ધર્મ કહે છે. પણ આપણે અહીં અક્રમમાર્ગમાં એને બાદ આપ્યું, કે ભઈ, સ્ત્રી હોય તો ઘેર રહેજે અને બીજે દૃષ્ટિ બગાડીશ નહીં. અને સ્ત્રી ના હોય તો (દોષોના) પ્રતિક્રમણ કર્યા કર. કારણ કે પછી વીર્ય છે તે અધોગામી જતું હોય, તે ઊર્ધ્વગામી જઈ શકે છે. વીર્ય નિરંતર અધોગામી સ્વભાવનું છે. એને આંતરો, (બ્રહ્મચર્ય પાળવા માટે પ્રાર્થના-) વિધિ કરો અને પ્રતિક્રમણ કરો, એટલે એમ કરતાં બધું ઊર્ધ્વગામી ચઢી જાય.

**પ્રશ્નકર્તા :** વીર્યનું ગલન થાય છે એ પુદ્ગલ સ્વભાવમાં હોય કે કોઈ જગ્યાએ આપણું લીકેજ હોય છે એટલે થાય છે ?

**દાદાશ્રી :** આપણે જોઈએ અને આપણી દૃષ્ટિ બગડી, એટલે વીર્યનો અમુક ભાગ છે તે 'એક્ઝોસ્ટ' થઈ (વપરાઈ) ગયો કહેવાય.

**પ્રશ્નકર્તા :** એ તો વિચારોથી પણ થઈ જાય છે.

**દાદાશ્રી :** વિચારોથી પણ 'એક્ઝોસ્ટ' થાય, દૃષ્ટિથી પણ 'એક્ઝોસ્ટ' થાય. તે 'એક્ઝોસ્ટ' થયેલો માલ પછી ડિસ્ચાર્જ થયા કરે.

બહાર કંઈક જોયું અને આંખ ખેંચાઈ જાય. એટલે જાણવું કે આ પહેલાનું બીજ પડેલું છે, તે બીજ ઊગ્યું. ત્યાં તમે શું કરો છો ?

**પ્રશ્નકર્તા :** ત્યાં પ્રતિક્રમણ થઈ જ જાય છે.

**દાદાશ્રી :** એના તો નિરંતર પ્રતિક્રમણ કર કર કરવા પડે. આપણને સમજણ પડે કે આ બીજ મહીં પડેલું છે, એટલે આ તો બહુ જોખમ છે. આ વિષય તો બહુ જોખમવાળી વસ્તુ છે. સામી વ્યક્તિ જ્યાં જ્યાં જાય ત્યાં આપણે જવું પડે. અને

સામી વ્યક્તિ પાછો પોતાનો છોકરો થઈને ઊભી રહે. એટલે આવું બધું જોખમ ઊભું થાય. એટલે વિષયને માટે આપણે અહીં બહુ કડક તેથી રહીએ છીએ ને ! બીજું બધું ચલાવી લેવાય, પણ વિષય ચલાવાય નહીં. આ તો અક્રમ વિજ્ઞાન છે, તેથી આટલું જ જોખમ રાખ્યું.

## દૃષ્ટિચોંટનું ફળ હજારો વર્ષેય આવે

દૃષ્ટિનો જરા વિચ્છેદ ના થવો જોઈએ. કોઈની પ્રત્યે આપણી દૃષ્ટિ ખેંચાય તો આખો દહાડો પ્રતિક્રમણ કરવું પડે. તે કેવડું મોટું બીજ નાખેલું કે આપણી દૃષ્ટિ ખેંચાયા કરે ! એક સંતે તો દૃષ્ટિ ખેંચાતી હતી, તેથી તેમણે આંખમાં મરચું નાખ્યું. પણ આપણે એવું કરવાનું નથી કહેતા. આપણે મરચું ના નાખશો, એમ કહીએ છીએ. આપણે તો પ્રતિક્રમણ કર્યા કરવું. એમણે મરચું શાથી નાખ્યું હશે ? કે આ આંખનો દોષ છે એટલે મરચું નાખ્યું. આંખને દંડ દો, એમ કહે છે. અલ્યા, દોષ તારો છે. આંખને દંડ શું કામ કરે છે ? પાડાને વાંકે પખાલીને ડામ દે છે.

કોઈક સ્ત્રી બહાર શાકભાજી લેવા નીકળે, તે કોઈક પુરુષને દેખીને એનું ચિત્ત ત્યાં ચોંટે. આ ચિત્ત ચોંટવાથી બીજ પડે. તે આવતા-જતા આવા પચ્ચીસ-પચાસ પુરુષ જોડે બીજ પડે. આમ રોજ બને, તે પાર વગરના પુરુષો જોડે બીજ પડે. એવું પુરુષને સ્ત્રીઓ સામે થાય. હવે જો જ્ઞાન હાજર હોય તો બીજ પડવાનું અટકી જાય, છતાં પ્રતિક્રમણ કરે તો જ ઉકેલ આવે. આ બીજ તો મિશ્રચેતન જોડે પડે. મિશ્રચેતન પછી દાવો માંડે. મિશ્રચેતન તો કેવું હોય કે બન્નેની મરજીના ડિફરન્સ, બન્નેના સંચાલન જુદા. ત્યાં પોતાની ઈચ્છા ના હોય તોય સામાને સુખ ભોગવવા જોઈએ, તો શું થાય? એમાંથી પછી રાગ-દ્વેષના કારખાના થાય. આપણી પાસે તો જ્ઞાન છે, તો શુદ્ધાત્મા જોઈને ચોંટ ધોઈ નાખવાની. નહીં તો આ ચિત્ત ચોંટે તો, એનું ફળ બે-પાંચ હજાર વર્ષેય આવે !

સ્ત્રી-પુરુષોમાં આ કળિયુગના આધારે સામસામી અસર થાય છે. બંનેને સંતોષ હોય તોય બહાર કંઈક જુએ છે, તો દૃષ્ટિ મંડાઈ જાય છે. એ મોટામાં મોટું ભય સિગ્નલ છે. આ દૃષ્ટિમાં મીઠાશ વર્તે તેય બહુ મોટું જોખમ. તમે માની હો, તો તમને કોઈ સ્ત્રી માન આપે તો તમારી દૃષ્ટિ ખેંચાઈ જાય. લોભી હોય તો તેને લોભ આપે (પોષે) તોય દૃષ્ટિ ખેંચાઈ જાય. પછી બધું જીવન ખેદાનમેદાન કરી નાખે !

એટલે ચેતવાનું શું, કે સ્ત્રીએ પુરુષથી ને પુરુષે સ્ત્રીથી બિલકુલ લપ્પન-છપ્પન નહીં રાખવી જોઈએ, નહીં તો એ ભયંકર રોગ છે ! એ વિચારથી જ માણસને બેભાનપણું રહે છે, તો પછી આત્માની જાગૃતિ ક્યારે થાય ? એટલે આટલું ચેતવાનું છે ! આમાં શું અઘરું છે કશું ?

**પ્રશ્નકર્તા :** ત્યાં સાવચેત રહેવું જોઈએ.

**દાદાશ્રી :** એટલેથી જ છેટું રહેવા જેવું છે. બીજી બધી બાબતો અમે છોડી દેવડાવીએ, રસ્તો કરીએ પણ અહીં તો ચેતન મિશ્રિત થયું ને ! એટલે સ્ત્રી-પુરુષોએ બન્નેએ ચેતવા જેવું, ભયંકર જોખમ છે ! હંમેશાં નીચું જ જોવું, બીજો કોઈ બાધ આપણા માર્ગમાં નથી. ઘેરેય છોકરાઓ જોડે આની આ જ વાતચીત કરવી. તે પછી ઘરના બધા સમજી જાય કે દૃષ્ટિ ઊંચી કરવા જેવી જ નથી.

'વેરાઈટિઝ ઓફ પેકિંગ્સ' (જાત જાતનાં ખોખા) છે ! આનો પાર આવે એવો નથી, પણ એટલી બધી જાગૃતિય રહેતી નથી. એટલે નક્કી જ કરવું કે જે થવાનું હોય તે થાય, પણ દૃષ્ટિ માંડવી જ નથી. નહીં તો બીજ બહુ મોટા પડી જાય, તે આવતો ભવ ખલાસ કરી નાખે ! પેલી જ્યાં જાય ત્યાં આને જવું પડે અને પછી ખલાસ થઈ જાય.

## વિષય હોય ત્યાં, આત્મા જાણ્યો નથી

મોક્ષે જતાં નડતું હોય તો સ્ત્રી વિષય એકલો જ નડે છે અને તે જોવા માત્રથી જ બહુ નડે છે. વ્યવહારમાં આટલો જ ભય છે. આટલું જ ભય સિગ્નલ છે, બીજે બધે ભય સિગ્નલ નથી. એટલે છોકરાઓને કહેલું ને, કે સ્ત્રી તરફ દૃષ્ટિ સરખી માંડશો નહીં અને દૃષ્ટિ મંડાઈ જાય તો એનો ઉપાય આપેલો છે, સાબુ ઘાલીને ધોઈ નાખવાનું. આ કાળમાં મોટામાં મોટું પોઈઝન હોય તો વિષય જ છે. આ કાળના મનુષ્યો એવા નથી કે જેને ઝેર ના ચઢે. આ તો પોમલા બિચારા ! ધાર્યા પ્રમાણે ગમે તેમ ફરે તો ઝેર ચઢી જાય કે નહીં ? આ તો આજ્ઞામાં રહે છે એટલે ઝેર નથી ચઢતું, પણ આજ્ઞામાં ના રહે તો ? એક જ ફેરો આજ્ઞા તૂટી કે પોઈઝન ફરી વળે, હડહડાટ ! આમનું ગજું જ નહીં ને !

બાકી સ્ત્રી-વિષય હોય ત્યાં સુધી કોઈએ મોક્ષની તો આશા જ રાખવી નહીં. 'વિષય (સુખ ભોગવાતું) હોય ત્યાં સુધી આત્મા જ જાણ્યો નથી' એમ કહેવાય. સ્ત્રીના ઉપર દૃષ્ટિ થતી હોય તો એણે આત્મા સહેજેય, અંશેય જાણ્યો નથી. તેણે આત્મસુખ અનુભવ્યું નથી ! નહીં તો આત્મસુખ તો કેવું હોય !

આટલું જ જીતવાનું છે, સ્ત્રી-વિષય ! એટલે સ્ત્રી તરફની દૃષ્ટિ થઈ, એ તરફનો વિચાર પણ આવ્યો કે ખલાસ થઈ ગયો, મોક્ષનો પાયો જ ઊડી ગયો.

## દેખત ભૂલી ટળે, તો સર્વ દુઃખોનો ક્ષય

શ્રીમદ્ રાજચંદ્રે કહ્યું છે કે, 'દેખત ભૂલી ટળે તો સર્વ દુઃખનો ક્ષય થાય.' શાસ્ત્રોમાં વાંચીએ છીએ કે સ્ત્રી પર રાગ ના કરવો અને પાછા સ્ત્રીને જોઈએ છીએ ને ભૂલી જવાય છે, તેને 'દેખત ભૂલી' કહેવાય. મેં તો તમને એવું જ્ઞાન આપ્યું છે કે હવે તમને 'દેખત ભૂલી'યે રહી નહીં, તમને શુદ્ધાત્મા દેખાય. બહારનું પેકિંગ ગમે તેવું હોય તોય પેકિંગ જોડે આપણને શી લેવાદેવા ? પેકિંગ તો સડી જવાનું છે, બળી જવાનું છે, પેકિંગમાં શું કાઢવાનું છે ? એટલા માટે જ્ઞાન આપેલું છે, કે આપણે શુદ્ધાત્મા જુઓ, એટલે 'દેખત ભૂલી ટળે' ! 'દેખત ભૂલી ટળે' એટલે શું કે આ મિથ્યા દૃષ્ટિ છે, એ દૃષ્ટિ ફરે અને સમ્યક્ દૃષ્ટિ થાય તો બધા દુઃખોનો ક્ષય થાય ! પછી એ ભૂલ ના થવા દે, દૃષ્ટિ ખેંચાય નહીં.

કૃપાળુદેવે તો કેટલું બધું કહ્યું છે, છતાંય કહે છે કે 'દેખત ભૂલી' થાય છે, દેખીએ છીએ ને ભૂલ થાય છે. 'દેખત ભૂલી ટળે' તો સર્વ દુઃખોનો ક્ષય થાય. તે દેખત ભૂલી ટાળવાનો મેં આ માર્ગ આપ્યો કે આ બેન જાય છે, તેની મહીં તું શુદ્ધાત્મા જોજે. શુદ્ધાત્મા તને દેખાય તો પછી બીજું જોવાનું ના હોય. બીજો તો કાટ ચઢેલો કહેવાય. કોઈને લાલ કાટ હોય, કોઈને પીળો કાટ હોય, કોઈને લીલો કાટ હોય, પણ આપણે તો લોખંડ એકલું જ જોવાનું ને ! અને કાટ દેખાય તેની સામે ઉપાય આપી દીધો છે. સંજોગવશાત્ ફસાયો એનો વાંધો નથી, પણ ઈચ્છાપૂર્વકનું ના હોવું જોઈએ. સંજોગવશાત્ તો જ્ઞાની પણ ફસાય.

આ વિષય તો અવિચારે કરીને છે. જેમ વિચારે કરીને ખોટ-નફો આપણને માલમ પડે છે કે નથી પડતો ? અને વિચાર ના આવતા હોય, તેને ખોટ-નફો ના માલમ પડે ને ? એવું વિચાર કરનાર હોય તો આ વિષય તો ઊભો જ ના રહે, પણ આ કાળચક્ર એવું છે કે બળતરામાં એને હિતાહિતનું ભાન જ નથી રહ્યું કે પોતાનું હિત શેમાં અને પોતાનું અહિત શેમાં ? બીજું, આ વિષયના સ્વરૂપને સમજણપૂર્વક બહુ વિચારી નાખ્યું હોય તોય પણ અત્યારે જે વિષય ઊભો છે, એ આગળના અવિચારોનું કારણ છે. તેથી 'દેખત ભૂલી' ટળે નહીં ને ! આપણને વિષયનો વિચાર

ના આવ્યો હોય પણ કોઈ જગ્યાએ એવું દેખવામાં આવ્યું હોય, તો પણ તરત જ ભૂલ ખાઈ જાય. દેખે ને ભૂલે, એવું બને કે ના બને ?

'દેખત ભૂલી'નો અર્થ શો ? મિથ્યાદર્શન ! પણ બીજું બધું 'દેખત ભૂલી' થાય તેનો વાંધો નહીં, પણ આ વિષયસંબંધીમાં, ચારિત્રસંબંધીમાં 'દેખત ભૂલી'નો ઉપાય શો ? આપણને જ્ઞાન મળ્યું હોય તો પોતાને ભૂલ ખબર પડે કે અહીં આગળ આ ભૂલ ખાધી, અહીં મારી દૃષ્ટિ બગડી હતી. ત્યાં પાછું પોતે આલોચના-પ્રતિક્રમણ-પ્રત્યાખાન કરીને પણ ધોઈ નાખે. પણ જેને આ જ્ઞાન ના મળ્યું હોય, તે શું કરે બિચારો ? તેને તો ભયંકર ખોટી વસ્તુને ખરી માનીને ચાલવું પડે છે. આ અજાયબી છે ને ! આ તો જ્ઞાન મળ્યું છે એને વાંધો નહીં. એ તો દૃષ્ટિ બગડે કે તરત ધોઈ નાખે.

જો તમારે શુદ્ધ ઉપયોગ છે, તો સામાનો ગમે તે ભાવ હોય તોય તમને ના અડે !

આપણું 'જ્ઞાન' આપ્યું છે, પછી દેખત ભૂલી બંધ થઈ જાય છે ! આપણે તો સામી વ્યક્તિમાં 'શુદ્ધાત્મા' જ જોઈએ, પછી આપણને બીજો ભાવ કેમ ઉત્પન્ન થાય ? નહીં તો માણસને તો કૂતરાં પરેય રાગ થાય. બહુ સારું રૂપાળું હોય તો એની પર રાગ થાય. આપણે શુદ્ધાત્મા જોઈએ તો રાગ થાય ? એટલે આપણે શુદ્ધાત્મા જ જોવા. આ દેખત ભૂલી ટળે એવી છે નહીં અને જો ટળે તો સર્વે દુઃખોનો ક્ષય થાય. જો દિવ્યચક્ષુ હોય તો દેખત ભૂલી ટળે, નહીં તો શી રીતે ટળે ?

**પ્રશ્નકર્તા :** 'દેખત ભૂલી' ટળે તો શું થાય ?

**દાદાશ્રી :** 'દેખત ભૂલી' ટળે તો સર્વ દુઃખોનો ક્ષય થાય, મોક્ષ થાય.

**પ્રશ્નકર્તા :** એનો અર્થ એ કે રાગ પણ ના થવો જોઈએ ને ભૂલી જવું જોઈએ ?

**દાદાશ્રી :** આપણું આ જ્ઞાન એવું છે ને કે રાગ તો થાય એવો જ નથી, પણ આકર્ષણ થાય તે ઘડીએ એના શુદ્ધાત્મા જુઓ તો આકર્ષણ ના થાય. 'દેખત ભૂલી' એટલે જોઈએ ને ભૂલ ખાઈએ ! જોયું ના હોય ત્યાં સુધી ભૂલ ના થાય. જ્યાં સુધી આપણે ઓરડામાં બેસી રહ્યા હોઈએ, ત્યાં સુધી કશું ના થાય. પણ લગ્નમાં ગયા ને જોયું કે પછી ભૂલો થાય પાછી. ત્યાં આપણે તો શુદ્ધાત્મા જો જો કરીએ તો બીજો કશો ભાવ ઉત્પન્ન ના થાય ને ભાવ ઉત્પન્ન થઈ ગયો હોય, એના પૂર્વકર્મના ધક્કાથી, તો એનું પ્રતિક્રમણ કરી નાખવું, એ ઉપાય છે. અહીં ઘરમાં બેઠા હોય ત્યાં સુધી કશુંય મનમાં ખરાબ વિચાર નહોતા આવતા ને લગ્નમાં ગયા કે વિષયના વિચારો ઊભા થયા, સંયોગ ભેગો થયો કે વિચાર ઊભા થાય. આ 'દેખત ભૂલી' એકલા દિવ્યચક્ષુથી જ ટળે એમ છે. દિવ્યચક્ષુ સિવાય ટળે નહીં.

જ્યાં સુધી જે બાબતમાં અંધ છે, તે બાબતમાં ત્યાં સુધી દૃષ્ટિ ખીલે જ નહીં ને ઊલટો વધારે ને વધારે અંધ થતો જાય. એનાથી દૂર રહે, ત્યાર પછી છૂટો થાય. ત્યારે એની દૃષ્ટિ ખીલતી જાય, પછી સમજાતું જાય.

## અનાદિકાળથી આરાધેલું, સમજણથી છૂટે

**પ્રશ્નકર્તા :** તો એવું ખરું, વિષય સમજણથી જાય ? જેમ સમજણ વધતી જાય એમ વિષય જતો રહે ?

**દાદાશ્રી :** સમજણથી જ જતો રહે. આ સાપ ઝેરી હોય ને કૈડે કે માણસ તરત મરી જાય. એવી જો સમજણ બેસી ગઈ ને, પછી એ ઝેરી નાગથી છેટો જ રહે. એવી આમાં સમજણ બેસી જવી જોઈએ.

**પ્રશ્નકર્તા :** હા, પણ એ સમજમાં કેમ આવતું નથી ?

**દાદાશ્રી :** અનાદિકાળનું આરાધેલું છે ને, એ જ સત્ય માનેલું છેને !

**પ્રશ્નકર્તા :** એ બરાબર છે, પણ એ આરાધેલું ને અત્યારનું જ્ઞાન, એમાં હજી કેમ યુદ્ધ ચાલ્યા કરે છે ?

**દાદાશ્રી :** વિગતવાર વિચારવાની પોતાની શક્તિ જ નથી ને !

**પ્રશ્નકર્તા :** શક્તિ નથી કે એની ઈચ્છા નથી ?

**દાદાશ્રી :** ના, શક્તિ નથી. ઈચ્છા તો છે બધી.

**પ્રશ્નકર્તા :** હવે મને એવું લાગે છે કે શક્તિ તો છે જ.

**દાદાશ્રી :** અને શક્તિ બધી હોય છે તો ખરી જ, પણ એ ઉત્પન્ન થયેલી નથી ને !

**પ્રશ્નકર્તા :** તો એ શક્તિ ઉત્પન્ન કેવી રીતે થાય ?

**દાદાશ્રી :** એ તો રાત-દહાડો એના વિચાર હોય, એની પર વિચારણા કર કર કર્યા કરે અને એમાં કેટલું આરાધવા યોગ્ય છે ને કેટલું એ કરવા યોગ્ય છે, તરત આપણને મહીં જેમ જેમ વિચારે ચડે ને, તેમ ખૂલ્લું થતું જાય.

**પ્રશ્નકર્તા :** એટલે એનો મિનિંગ એવો જ થયો કે કોઈ પણ હિસાબે આ વ્યવહાર ઉડાડી દેવો જોઈએ.

**દાદાશ્રી :** તેથી પેલા થ્રી વિઝન વાપરે ને ? અને વિચારેલું હોય તો થ્રી વિઝનેય વાપરવું ન પડે.

**પ્રશ્નકર્તા :** દિવસ દરમ્યાનના જે વ્યવહારો છે, એ વ્યવહાર ફરજિયાત છે. એ જ એને પ્રગતિમાં અંતરાયરૂપ છે ને અત્યારે, કારણ કે એને વિચારવાનો ટાઈમ જ મળતો નથી.

**દાદાશ્રી :** એટલે આના કરતા સૌથી સારામાં સારું એ, કે આપણે દૃષ્ટિ કોઈ જગ્યાએ ચોંટી, તો ઉખેડી નાખવી ને પ્રતિક્રમણ કરી નાખવું, બસ.

**પ્રશ્નકર્તા :** મન એક સિદ્ધાંત ઉપર કન્ટીન્યુઅસ નથી ચાલતું. વારેઘડીએ દૃષ્ટિ બગડે ને પ્રતિક્રમણ કરવું કે આમ કરવું, એ સિદ્ધાંત કન્ટીન્યુઅસ નથી ચાલતો. થ્રી વિઝન પણ એટ એ ટાઈમ નથી ચાલતું. કન્ટીન્યુઅસ રહેવું જોઈએ અને વિગતવાર એને સમાધાન થાય તો એ આગળ આવે છે.

**દાદાશ્રી :** એ વિગતવારેય સપ્લાય કરવું પડે. આપણાથી બને ત્યાં સુધી પહેલું તો આ ફટ ઉખેડી નાખવું કે ચાલ્યું. પોતાના ખેતરમાં બધું જ જે કપાસ વાવ્યો છે એટલે કપાસને ઓળખીએ કે જો આ કપાસ છે. એટલે બીજું ઊગ્યું એ માત્ર કાઢી નાખવાનું. એને નીંદવાનું કહે છે. એમ નીંદી નાખીએ તે થઈ રહ્યું. બધું ઊગતાં જ દાબી નાખ્યું, તે થઈ રહ્યું. એ પહેલાં દાબી શકાય એવું છે નહીં. ઊગે નહીં ત્યાં સુધી બીજ ખબર પડે નહીં, ઊગતા જ ઓળખી ગયા કે આ બીજ જુદું છે.

**પ્રશ્નકર્તા :** પણ એનો નિશ્ચય હોય તો બીજું ઊગતાં જ એને ખબર પડી જાય ને ?

**દાદાશ્રી :** બીજું બીજ દેખાય એ ઉખેડીને ફેંકી દેવું એટલે ટૂંકમાં સારું સૌથી.

**પ્રશ્નકર્તા :** પણ આ એક સિદ્ધાંત ઉપર તો બેસાય જ નહીં ને, આગળ જવું તો પડશે ને ?

**દાદાશ્રી :** તે ઘડીએ પાછો આવી મળશે રસ્તો. તે ઘડીએ એની મેળે સંજોગો બધા ભેગા થઈ જશે.

## વ્યવહાર-નિશ્ચય ચારિત્ર

હું આ બધાને એટલા માટે બ્રહ્મચર્યની સમજ પાડું છું, કારણ કે ચારિત્રના પાયા ઉપર મોક્ષમાર્ગ ઊભો રહ્યો છે. આપણે તો ચારિત્રનો પાયો મજબૂત રાખવો. મોક્ષે જવામાં એ એકલી જ વસ્તુ મૂળ વસ્તુ છે.

વ્યવહાર ચારિત્ર એટલે કોઈ સ્ત્રીને દુઃખ જ ના થાય તેમ વર્તે, કોઈ સ્ત્રી તરફ દૃષ્ટિ ના બગાડે. મુદતબંધી ચારિત્ર તો સારું કહેવાય. અભ્યાસ તો થાય ને ! ચારિત્ર લીધું એટલે ભાંજગડ જ મટી જાય ને! પછી એ વિચારો એવું જાણે કે આમને અપમાન લાગશે, એટલે જાણી-જોઈને ઓછાં આવે.

'જ્ઞાની પુરુષ'ના આધારે ચારિત્ર એ તો મોટામાં મોટી વસ્તુ છે. જ્યારે 'જ્ઞાની પુરુષ'નું ચારિત્ર તો બહુ જ ઊંચું હોય, મન પણ કોઈ દહાડો બગડે નહીં.

વિષયનો વિચાર પણ આવવો ના જોઈએ અને વિષયનો વિચાર આવ્યો, મનમાં ભાવ એકલો જ ઉત્પન્ન થાય, તો તેને ધોઈ નાખવો. પણ વાણીમાં ના હોય, વર્તનમાં ના હોય, વિચારમાં ના હોય એવા ચોખ્ખા થઈ જવાનું. અને કો'ક વખત સહેજ વિચાર મનમાં આવે તો તેનું પ્રતિક્રમણ કરી નાખવું. આને 'વ્યવહાર ચારિત્ર' કહેવાય. નિશ્ચય ચારિત્રમાં તો ભગવાન થઈ ગયો. નિશ્ચય ચારિત્ર એ જ ભગવાન. કેવળજ્ઞાન સિવાય નિશ્ચય ચારિત્ર સંપૂર્ણ ના હોય, પૂર્ણ દશાએ ના હોય.

વ્યવહાર ચારિત્ર એટલે પુદ્‌ગલ ચારિત્ર, આંખે દેખાય એવું ચારિત્ર અને પેલું નિશ્ચય ચારિત્ર ઉત્પન્ન થયું કે ભગવાન થયો કહેવાય. અત્યારે તો તમારે બધાને 'દર્શન' છે, પછી જ્ઞાનમાં આવે પણ ચારિત્ર ઉત્પન્ન થતાં વાર લાગે. છતાં અક્રમ છે ને, એટલે ચારિત્ર શરૂ થાય ખરું, પણ એ તમને સમજવું મુશ્કેલ છે.

**પ્રશ્નકર્તા :** એના લક્ષણ શા હોય એમાં ?

**દાદાશ્રી :** એવું છે ને, એ નિશ્ચય ચારિત્ર બહુ જૂજ પ્રમાણમાં થાય. જેને આ આંખોથી જોવું-જાણવું તેય ચારિત્ર ના કહેવાય, બુદ્ધિથી જોવું-જાણવું તેય ચારિત્ર ના કહેવાય. એમાં તો આંખ ના વપરાય, મન ના વપરાય, બુદ્ધિ ના વપરાય. પછી જે જુએ-જાણે, તે નિશ્ચય ચારિત્ર.

પણ આની ઉતાવળ કરવા જેવું નથી. આ 'દર્શન' પહોંચ્યું છે તેય બહુ થઈ ગયું ને ! પોતાના દોષ દેખાય ને એ બધાના પ્રતિક્રમણ થાય એટલે બહુ થઈ ગયું !

**પ્રશ્નકર્તા :** વ્યવહાર ચારિત્ર માટે બીજું વિશેષ શું કરવાનું ?

**દાદાશ્રી :** કશું નહીં. આ વ્યવહાર ચારિત્ર માટે તો બીજું શું કરવાનું? જ્ઞાનીની આજ્ઞામાં રહેવું એ વ્યવહાર ચારિત્ર, અને તેમાં જો કદી આ બ્રહ્મચર્યનો ઉમેરો થાય તો બહુ ઉત્તમ અને તો જ ખરું ચારિત્ર કહેવાય. ત્યાં સુધી વ્યવહાર ચારિત્ર પૂરેપૂરું કહેવાતું નથી, વ્યવહાર ચારિત્રની પૂર્ણાહુતિ થતી નથી. જ્યારે બ્રહ્મચર્યવ્રત આવે, ત્યારે 'વ્યવહાર ચારિત્ર'ની પૂર્ણાહુતિ થાય.

## સંપૂર્ણ જાગૃતિ સાથે ખપે પ્રતિક્રમણ

સવારના પહોરમાં પાંચ વખત બોલવું, 'આ જગતમાં કોઈ વિનાશી ચીજ મને ખપતી નથી.' મને એટલે 'હું શુદ્ધાત્મા છું' એ રીતે અને જે ખપે છે તે 'ચંદુભાઈ'ને ખપે છે, અને ચંદુભાઈ 'વ્યવસ્થિત'ના આધીન છે. જે 'વ્યવસ્થિત'માં હો તે ભલે હો અને 'વ્યવસ્થિત'માં ના હો તે પણ ભલે હો. આટલું હોય ને, તો આપણને મહીં કોઈ

રસ ઊભો થયો છે કે નહીં, તે માલૂમ પડે. ખાસ કરીને બીજા રસ ઊભા થાય એવા નથી, પણ આ કાળનું વાતાવરણ એટલું બધું દૂષિત થયેલું છે કે સ્ત્રીએ પુરુષોને જોતાં અને પુરુષે સ્ત્રીઓને જોતાં આંખ માંડેલી ના રાખવી જોઈએ. નહીં તો બીજો ખાસ કોઈ દોષ ઊભો થાય એવો નથી. અગર તો સવારના ઉપર પ્રમાણે બોલીને કરવું, કારણ કે તમારે વૈરાગ એવો ના હોય. તમારી જાગૃતિ ખરી, પણ સંપૂર્ણ પ્રમાણમાં જે બધી જાગૃતિ જોઈએ તે રહેતી નથી, કારણ કે હજુ પૃથક્કરણ થયું નથી.

જાગૃતિ તો તેને કહેવાય કે એક સ્ત્રી જોઈએ કે પુરુષ જોઈએ, ગમે તે જોઈએ તો રાગ થતાં પહેલાં એ આખો જ બધો એનો હિસાબ દેખાઈ જાય. આ ચામડીને લીધે બધું રૂપાળું દેખાય છે અને આ ચામડી કાઢી નાખે તો કેવું દેખાય ? આ ગાંસડી બાંધેલી છે, તેને આ ઉપરથી કપડું છોડી નાખે તો કેવું દેખાય ? એ જાગૃતને તો તેવું જ દેખાય બધું. સંપૂર્ણ જાગૃતિ ક્યારે કહેવાય ? આ બધું એને એવું જ દેખાય. પણ આ કાળનું વક્રપણું એવું છે કે એ જાગૃતિને ટકવા ના દે, માટે ચેતતા રહેવું જોઈએ. નહીં તો સવારના પહોરમાં બોલવું અને એને 'સિન્સીયર' રહેવું.

ચોથા આરામાં જો મેં આ જ્ઞાન આપ્યું હોત તો મારે આવા ચેતવવા ના પડત. આ પાંચમો આરો બહુ કઠણ આરો છે, બહુ વક્ર આરો છે, બહુ વક્રતાવાળો છે. વક્રતા એટલે કપટ. કપટનું સંગ્રહસ્થાન જ કહો ને ! એટલે આપણે શું કહીએ છીએ કે સ્ત્રીનું ભેગું થવું એ જોખમ નથી, પણ આંખનું ખેંચાણ એ જોખમ છે. માટે ત્યાં પ્રતિક્રમણ કરીને કેસ ઊંચો મૂકી દો. શાસ્ત્રકારો પણ કહે છે આંખો ઢાળીને ચાલો.

## દૃષ્ટિ ના બગડે એનું નામ 'બ્રહ્મચર્ય'

આ તો 'જેમ છે તેમ' નહીં દેખાવાથી મૂર્છા થાય છે. જ્યાં સુધી સ્ત્રીને 'જેમ છે તેમ' આરપાર ના જોઈ શકે, ત્યાં સુધી વિઝન ખુલ્લું ના થાય. જ્યારે મન વિષયમાં ખુલ્લું થશે ત્યારે વિઝન ખુલશે અથવા તો વરસ દહાડો બ્રહ્મચર્ય પાળે ને વિષયનો વિચાર પણ ના આવે, તો વિઝન ખુલ્લું થાય.

બીજે દૃષ્ટિ બગડે તો તો એ બહુ અધોગતિની નિશાની કહેવાય.

અહીં જો સ્ત્રી-પુરુષનું બ્રહ્મચર્ય પળાય, તો તો દેવલોકો જેવું સુખ આવે. પછી તો સંસાર દેવલોક જેવો લાગે. દૃષ્ટિ ના માંડે એ જીત્યો. દૃષ્ટિ માંડી કે ખલાસ થઈ ગયું. દૃષ્ટિ તો માંડવી જ ના જોઈએ. દૃષ્ટિ બગડે ત્યારે એ ખોટું કહેવાય. દૃષ્ટિ ના બગડે, એનું નામ બ્રહ્મચર્ય કહેવાય. આપણી દાનત ખરાબ હોય ત્યારે બધું બગડે. એક બાબતમાં 'સ્ટ્રોંગ' રહેવું જ પડે ને ? આ બાબતમાં આગળ સંત પુરુષોએ ઝેર ખાધેલા. કારણ કે એ ઝેર ખાધેલું તો એક અવતાર મારે અને આ વિષય તો અનંત અવતારનું મરણ થયું ! પેલો વિષયનો વિચાર ઉત્પન્ન થતા જ કાઢી નાખવો, નહીં તો એનું બીજ પડે. એ બીજ બે દહાડા થાય તો તો મારી જ નાખે પછી. ફરી ઊગે, એટલે વિચાર ઊગતાં જ ઉખાડીને ફેંકી દેવો અને કોઈ સ્ત્રી પ્રત્યે દૃષ્ટિ ના માંડવી. દૃષ્ટિ ખેંચાય તો ખસેડી લેવી ને દાદાને યાદ કરી માફી માંગવી. આ વિષય આરાધવા જેવો જ નથી એવો ભાવ નિરંતર રહે, એટલે પછી ખેતર ચોખ્ખું થઈ જાય. અને અત્યારેય અમારી નિશ્રામાં રહે તો એનું બધું પૂરું થઈ જાય.

આ દૃષ્ટિદોષ જાય ત્યારે જગત 'જેમ છે તેમ' દેખાય. જેનો દૃષ્ટિદોષ ગયો હોય એવા 'અનુભવી પુરુષ' જોડે બેસવાથી આપણો દૃષ્ટિદોષ જાય, બીજા કશાથી નહીં.

**- જય સચ્ચિદાનંદ**

## દાદાઈ જગકલ્યાણ મિશન - સત્સંગ હાઈલાઈટ્સ

**૨૧ થી ૨૮ ડિસેમ્બર :** અડાલજ ત્રિમંદિર સંકુલમાં દાદાનગર ખાતે આઠ દિવસની પારાયણ યોજાઇ. જેમાં ૧૦,૦૦૦ મહાત્માઓએ ભાગ લીધો. વિદેશથી પણ ૨૦૦ જેટલા એનઆરઆઇ તથા વિદેશી મહાત્માઓ આવ્યા હતા. આપ્તવાણી-શ્રેણી ૧૪ ભાગ-૧ પર પેજ-૧૬૧થી વાંચન સાથે પારાયણ આગળ વધ્યું હતું. દ્રવ્ય-ગુણ-પર્યાયના ગહન વિષય પર વાંચન અને પૂજ્યશ્રી દ્વારા સત્સંગ થયો હતો. પારાયણ દરમિયાન ક્રિસમસના અવસરે વિદેશી મહાત્માઓએ બ્રેક દરમિયાન ભક્તિગીતો ગાયા હતા. તે રાત્રિએ મહાત્માઓએ ગરબાની રમઝટનો પણ આનંદ માણ્યો હતો. મણીપુરી ભાષામાં 'આત્મસાક્ષાત્કાર' પુસ્તકનું પૂજ્યશ્રીના હસ્તે વિમોચન થયું હતું. અંતિમ દિવસે આપ્તવાણી શ્રેણી-૧૪ ભાગ-૨નું વાંચન પણ શરૂ થયું હતું. આઠ દિવસ દરમિયાન મહાત્માઓએ પોતાને મૂંઝવતા અનેક પ્રશ્નોનું સમાધાન પૂજ્યશ્રી દ્વારા પ્રશ્નોત્તરી સત્સંગ દરમિયાન મેળવ્યું હતું.

'અરિહંત' ચેનલ પર સમગ્ર પારાયણનું જીવંત પ્રસારણ કરવામાં આવ્યું હતું.

**૨૯ ડિસેમ્બર :** અડાલજમાં દાદાનગર હોલ ખાતે શ્રી સીમંધર સ્વામીની મહાત્માઓ દ્વારા ઘર-ઓફિસ માટે લીધેલી પ્રતિમાઓની પ્રાણપ્રતિષ્ઠા પૂજ્યશ્રીના શુભ હસ્તે યોજાઈ. જેમાં ૧૦૬૬ મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા થઈ. બધી મૂર્તિઓના દર્શન બાદ પૂજ્યશ્રીએ એક કલાક પ્રાણપ્રતિષ્ઠા વિધિ કરી હતી. તે દરમ્યાન મહાત્માઓએ સામૂહિક રીતે વિધિઓ-અસીમ જય જયકાર કર્યા હતા. પ્રતિષ્ઠા બાદ મહાત્માઓએ પોતપોતાની મૂર્તિઓના પ્રક્ષાલ-પૂજન-આરતી પૂજ્યશ્રીની સાથે સાથે કર્યા હતા. અંતે મૂર્તિઓને માથા પર મૂકી મહાત્માઓ ગરબાના તાલે ઝુમી ઉઠયા હતા. પ્રતિષ્ઠા દરમિયાન સમગ્ર વાતાવરણ આનંદ-ઉલ્લાસભર્યું બની ગયું હતું.

**૩૧ ડિસેમ્બર :** ૨૦૨૦ના નવ વર્ષની પૂર્વ સંધ્યાએ અડાલજ ત્રિમંદિરના જાયજેન્ટિક હોલમાં વિશેષ ભક્તિ કાર્યક્રમનું આયોજન થયું હતું. તેમાં વિદેશી મહાત્માઓએ પણ ભક્તિગીત ગાયા હતા. પૂજ્યશ્રીએ નવા વર્ષ નિમિત્તે વિશેષ સંદેશામાં શુદ્ધાત્માના ઉપયોગમાં નિરંતર રહેવા પર ભાર મૂક્યો હતો.

**૨ જાન્યુઆરી :** અડાલજ ત્રિમંદિર ખાતે પરમ પૂજ્ય દાદાશ્રીની ૩૨મી પુણ્યતિથિ નિમિત્તે સમૂહમાં વિધિ-પ્રાર્થનાઓ-આરતી થઈ હતી. પૂજ્યશ્રીએ ત્રિમંદિરમાં પધારી સર્વે ભગવંતોના દર્શન કરી પ્રાસંગિક આશીર્વચન પાઠવ્યા હતા. સાંજે દાદાનગર હોલમાં જગતકલ્યાણાર્થે એક કલાકની સ્વરૂપ કીર્તન ભક્તિ બાદ પૂજ્યશ્રીએ 'જ્ઞાની પુરુષ' ભાગ-૩ ગ્રંથનું વિમોચન કર્યું હતું અને પુસ્તકમાં વર્ણવેલા દાદાશ્રીના વ્યવસાય સંબંધી પ્રસંગો-વાતો પર વિશેષ સત્સંગ કર્યો હતો. મહાત્માઓએ જ્ઞાની પુરુષ પર પ્રશ્નો પૂછ્યા હતા. રાત્રે દાદાઈ ભક્તિ બાદ દાદાશ્રી પર બનાવેલી સ્પેશ્યલ સીડી બતાવવામાં આવી હતી.

**૪-૫ જાન્યુઆરી :** અડાલજ ત્રિમંદિર સંકુલમાં યોજાયેલ સત્સંગ-જ્ઞાનવિધિ કાર્યક્રમ દરમિયાન ૧૩૩૫ મુમુક્ષુઓએ આત્મજ્ઞાન મેળવ્યું હતું. કર્ણાટકમાં 'ચંદના' ચેનલ પર કાર્યક્રમ સાંભળી માત્ર કન્નડ ભાષા જાણતાં મુમુક્ષુઓ પણ અડાલજ આત્મજ્ઞાન પ્રાપ્તિ માટે આવ્યા હતા અને જ્ઞાન મેળવ્યા પછી ધન્યતા અનુભવી હતી. તે સિવાય ભારતના વિવિધ રાજ્યો અને ગુજરાતના વિવિધ જિલ્લાઓમાંથી આવેલા મુમુક્ષુઓએ પણ પ્રશ્નો પૂછી પોતાની જ્ઞાનપિપાસા છીપાવી હતી.

**૧૪-૧૫ જાન્યુઆરી :** કોલકાતામાં ત્રણ વર્ષના સમયગાળા બાદ પુજ્યશ્રીનો સત્સંગ-જ્ઞાનવિધિ કાર્યક્રમ યોજાયો. કોલકાતાના મહાત્માઓએ પૂજ્યશ્રીનું બંગાળી સ્ટાઈલની પાઘડી-હાર પહેરાવી સ્વાગત કર્યું હતું. પ્રથમ દિવસે બહારગામથી આવેલા મુમુક્ષુઓએ જ્ઞાનસંબંધી પ્રશ્નો પૂછ્યા હતા. જ્ઞાનવિધિમાં ૩૪૦ મુમુક્ષુઓએ આત્મજ્ઞાન મેળવ્યું હતું. આસામ, બિહાર, ઓરિસ્સા, ઝારખંડ વિગેરે રાજ્યોમાંથી ૩૦૦ જેટલા મહાત્મા-મુમુક્ષુઓ આવ્યા હતા. સેવાર્થીઓ માટે પણ વિશેષ સત્સંગ-દર્શનનો કાર્યક્રમ યોજાયો હતો. કોલકાતાથી પૂજ્યશ્રી યાત્રામાં જોડાવા વિમાનમાર્ગે ગયા શહેર પહોંચ્યા હતા.

# સમર કેમ્પ - બાળકો-યુવાનો માટે સંસ્કારસિંચન શિબિર - વર્ષ ૨૦૨૦

| | ગ્રુપ A | ૧૩ થી ૧૬ વર્ષ યુવાન ભાઈઓ તથા બહેનો | | | ગ્રુપ C - બાળકો | | ગ્રુપ D - બાળકો | |
|---|---|---|---|---|---|---|---|---|
| સ્થળ | ભાઈઓ | સંપર્ક | ગ્રુપ B બહેનો | સંપર્ક | ૮ થી ૧૨ વર્ષ | સંપર્ક | ૪ થી ૭ વર્ષ | સંપર્ક |
| સીમંધર સીટી | ૨૫-૨૬ એપ્રિલ | ૦૭૯-૩૯૮૩૦૯૩૯ | ૧૮-૧૯ એપ્રિલ | ૦૭૯-૩૯૮૩૦૯૩૯ | ૨૦-૨૧ એપ્રિલ | ૦૭૯-૩૯૮૩૦૯૩૯ | ૧૯ એપ્રિલ | ૦૭૯-૩૯૮૩૦૯૩૯ |
| અમદાવાદ | ૨૬ એપ્રિલ<br>૧૭ મે | ૯૮૨૫૪૩૦૮૦૬<br>૯૯૭૮૯૯૨૯૦૦ | ૧૮-૧૯ એપ્રિલ | ૯૭૨૪૯૪૫૦૧૦<br>૯૮૭૯૦૩૭૦૭૮ | ૨૯ માર્ચ<br>૨૨થી૨૪ એપ્રિલ | ૯૪૨૯૪૪૨૫૯૭ | ૩૦ માર્ચ<br>૨૦-૨૧ એપ્રિલ | ૮૧૪૧૩૭૭૮૩૩ |
| આણંદ | | | ૧૯ એપ્રિલ | ૯૪૦૯૪૦૨૧૫૮ | | | | |
| નડિયાદ | | | | | ૨૬ એપ્રિલ | ૯૭૨૩૪૬૨૫૩૩ | | |
| બરોડા | ૨૫, ૨૬ એપ્રિલ | ૯૦૩૩૫૧૪૭૪૯ | ૩૦, ૩૧ મે | ૯૬૨૪૮૫૨૬૦૨ | ૨૫-૨૬ એપ્રિલ | ૮૭૮૦૬૬૦૬૭૮ | ૨૩ એપ્રિલ | ૯૮૨૫૦૧૮૯૫૬ |
| ભરૂચ | | | ૨૫-૨૬ એપ્રિલ | ૯૪૨૭૧૦૫૪૪૩ | ૧૯,૨૦ એપ્રિલ | ૮૩૨૦૭૧૦૬૮૮ | | |
| અંકલેશ્વર | | | ૨૫-૨૬ એપ્રિલ | ૯૦૫૪૦૩૦૪૭૦ | ૨૨ એપ્રિલ | ૯૫૫૮૨૦૩૮૬૮ | ૧૦ એપ્રિલ | ૯૪૨૭૮૦૫૭૩૬ |
| સુરત | ૨૫-૨૬ એપ્રિલ | ૭૩૫૯૯૮૮૪૬૫ | ૨૫-૨૬ એપ્રિલ | ૯૬૦૧૨૯૧૦૨૪ | ૧૮-૧૯ એપ્રિલ | ૯૫૭૪૦૦૮૪૯૮ | ૧૨ એપ્રિલ | ૯૮૨૫૨૩૩૫૫૯ |
| મુંબઈ | ૧થી ૩ મે | ૯૮૨૦૨૧૫૯૧૨ | | | | | | |
| ભુજ | ૧૯ એપ્રિલ | ૯૭૨૬૭૯૬૨૪૪ | ૨૫,૨૬ એપ્રિલ | ૯૪૨૭૧૭૧૯૭૬ | ૨૧-૨૨ એપ્રિલ | ૯૭૨૭૬૩૦૧૮૦ | | |
| ગાંધીધામ | ૨૬ એપ્રિલ | ૭૦૧૬૨૮૨૬૬૪ | | | ૧૯ એપ્રિલ | ૯૯૭૮૪૯૩૫૬૮ | | |
| ધોરાજી | | | | | ૨૬ એપ્રિલ | ૯૫૭૪૦૪૬૦૮૨ | | |
| જેતપુર | ૨૬ એપ્રિલ | ૯૮૯૮૦૨૪૦૩૬ | ૨૯-૩૦ એપ્રિલ | ૯૧૭૩૬૭૪૪૦૪ | | | | |
| રાજકોટ | ૧૬-૧૭ મે | ૯૮૨૫૩૧૭૬૦૭ | ૧૪-૧૫ મે | ૭૯૯૦૯૬૭૬૧૨ | ૨૮-૨૯ એપ્રિલ | ૮૮૪૯૨૬૫૨૨૪ | ૩૦ એપ્રિલ | ૯૪૨૬૪૬૦૯૩૮ |
| મોરબી | | | ૧૭ મે | ૯૬૩૮૪૯૦૦૨૩ | ૨૬ એપ્રિલ | ૯૯૨૪૩૪૪૮૮૨ | ૨૮ એપ્રિલ | ૯૭૨૫૧૯૯૧૪૪ |
| સુરેન્દ્રનગર | ૧૭ મે | ૯૯૯૮૧૭૭૮૧૩ | ૧૮,૧૯ એપ્રિલ | ૯૭૨૬૧૦૮૪૩૪ | ૨૫-૨૬ એપ્રિલ | ૯૫૧૨૬૭૨૪૩૩ | | |
| જામનગર | ૨૬ એપ્રિલ | ૯૪૨૮૩૧૫૧૦૯ | ૩૦, ૩૧ મે | ૯૭૨૩૧૪૭૩૧૮ | ૨૮-૨૯ એપ્રિલ | ૯૭૨૩૧૪૭૩૧૮ | ૧ મે | ૯૭૨૩૧૪૭૩૧૮ |
| વેરાવળ | ૨૬ એપ્રિલ | ૯૩૭૪૧૭૮૯૫૧ | ૧૯ એપ્રિલ | ૯૬૩૮૯૦૪૮૨૦ | ૨૧ એપ્રિલ | ૮૪૬૯૭૮૦૧૫૧ | | |
| ભાવનગર | ૧૯ એપ્રિલ | ૯૬૮૭૯૭૮૩૮૧ | ૨૭ એપ્રિલ | ૯૯૨૪૩૪૪૪૨૫ | ૨૫,૨૬ એપ્રિલ | ૯૯૨૪૩૪૪૪૨૫ | | |
| મહેસાણા | ૨૬ એપ્રિલ | ૯૯૨૫૬૭૮૮૫૪ | ૧૬ મે | ૯૮૨૪૯૨૯૭૮૨ | ૩ મે | ૯૪૦૮૫૫૧૫૦૧ | | |
| પાલનપુર | ૨૬ એપ્રિલ | ૯૪૨૯૨૯૦૭૯૫ | | | | | | |
| રાજુલા | ૨૫,૨૬ એપ્રિલ | ૯૮૨૪૧૬૪૯૪૧ | | | | | | |
| અમરેલી | ૨૫,૨૬ એપ્રિલ | ૭૬૯૮૦૨૫૨૦૬ | | | ૧૯ એપ્રિલ | ૭૬૯૮૪૭૭૪૧૦ | | |
| | ગ્રુપ E - યુવાન બહેનો ૧૭ થી ૨૧વર્ષ | | | | ગ્રુપ F - યુવાન ભાઈઓ ૧૭ થી ૨૧ વર્ષ | | | |
| **સીમંધર સીટી** | ૩-૪-૫ મે | ૦૭૯-૩૯૮૩૦૯૩૯ | | | ૧-૨-૩ મે | ૦૭૯-૩૯૮૩૦૯૩૯ | | |

**નોંધ** : (૧) સમર કેમ્પમાં ભાગ લેવા માટે આપના નજીકના સેન્ટર પર રજિસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. રજિસ્ટ્રેશન ચાર્જ નોન રિફંડેબલ રહેશે.

૨) રજિસ્ટ્રેશન માટે બાળક/યુવાનની ઉંમર અને ધોરણ પ્રમાણે જે વિભાગો પાડીને તારીખો નક્કી થઈ છે તે મુજબ થશે. જે તે સમર કેમ્પની તારીખના ૭ દિવસ અગાઉ રજિસ્ટ્રેશન બંધ કરવામાં આવશે. ત્યાર બાદ રજિસ્ટ્રેશન માટે તત્કાલ ચાર્જ લેવામાં આવશે.

૩) સીમંધર સીટી સમર કેમ્પ માટે રજિસ્ટ્રેશન ત્રિમંદિર સંકુલના **'સ્ટોર ઓફ હેપીનેસ'**માં સવારે ૯-૩૦ થી ૧૨, સાંજે ૪ થી ૭ દરમ્યાન જે તે સમર કેમ્પના ૫ દિવસ અગાઉ સુધી રૂબરૂ થઈ શકશે, આ રજિસ્ટ્રેશન ૧૫ માર્ચથી કરવામાં આવશે. સંપર્ક સૂત્ર : ૦૭૯-૩૯૮૩૦૯૩૯

# આત્મજ્ઞાની પૂજ્ય દીપકભાઈના સાંનિધ્યમાં આગામી સત્સંગ કાર્યક્રમો

## ભાવનગર

**૨૯ ફેબ્રુઆરી** (શનિ), સાંજે ૭ થી ૧૦ - **સત્સંગ** તથા **૧ માર્ચ** (રવિ), સાંજે ૫-૩૦ થી ૯ - **જ્ઞાનવિધિ**
**૨ માર્ચ** (સોમ), સાંજે ૭ થી ૧૦ - **આપ્તપુત્ર સત્સંગ**
**સ્થળ :** જવાહર મેદાન, વાઘાવાડી રોડ, રિલાયન્સ મોલની સામે, ભાવનગર. **સંપર્ક :** ૯૯૨૪૩૪૪૪૨૫

## અમરેલી

**૩ માર્ચ** (મંગળ), સાંજે ૭ થી ૧૦ - **સત્સંગ** તથા **૪ માર્ચ** (બુધ), સાંજે ૬-૩૦ થી ૧૦ - **જ્ઞાનવિધિ**
**૫ માર્ચ** (ગુરુ), સાંજે ૭ થી ૧૦ - **આપ્તપુત્ર સત્સંગ**
**સ્થળ :** ન્યુ ખેડૂત તાલીમ કેન્દ્ર (ફાર્મ વાડી), લીલીયા રોડ, ત્રિમંદિર પાસે, અમરેલી. **સંપર્ક :** ૯૯૨૪૩૪૪૪૬૦

## ધોરાજી

**૬ ને ૮ માર્ચ** (શુક્ર-રવિ), સાંજે ૭-૩૦ થી ૧૦-૩૦ **આપ્તપુત્ર સત્સંગ** તથા **૭ માર્ચ** (શનિ), સાંજે ૭ થી ૧૦-૩૦ - **જ્ઞાનવિધિ**
**સ્થળ :** લેઉવા પટેલ સમાજ, જમનાવડ રોડ, ધોરાજી. **સંપર્ક :** ૭૭૭૭૯૭૯૮૯૪

## વેરાવળ

**૮ ને ૧૦ માર્ચ** (રવિ-મંગળ), સાંજે ૮ થી ૧૧ **આપ્તપુત્ર સત્સંગ** તથા **૯ માર્ચ** (સોમ), સાંજે ૭-૩૦ થી ૧૧ - **જ્ઞાનવિધિ**
**સ્થળ :** સાંઈબાબા મંદિર સામે, વેરાવળ-જૂનાગઢ હાઈવે, વેરાવળ. **સંપર્ક :** ૯૯૨૪૩૪૪૪૫૯

## પોરબંદર

**૧૦ ને ૧૨ માર્ચ** (મંગળ-ગુરુ), સાંજે ૬-૩૦ થી ૯-૩૦ **આપ્તપુત્ર સત્સંગ** તથા **૧૧ માર્ચ** (બુધ), સાંજે ૬ થી ૯-૩૦ - **જ્ઞાનવિધિ**
**સ્થળ :** ચોપાટી પાર્ટી પ્લોટ, હાથી ગ્રાઉન્ડની સામે, ચોપાટી, પોરબંદર. **સંપર્ક :** ૯૫૭૪૦૦૧૨૪૩

## અડાલજ ત્રિમંદિર

**૧૯ માર્ચ** (ગુરુ) - **પૂજ્ય નીરુમાની ૧૪મી પુણ્યતિથિ પર વિશેષ કાર્યક્રમ**
**૨૦ -૨૧ માર્ચ** (શુક્ર-શનિ), સાંજે ૪ થી ૭ - **સત્સંગ** તથા **૨૨ માર્ચ** (રવિ), સવારે ૧૦ થી ૧૨ - **આપ્તપુત્ર સત્સંગ**
**૨૨ માર્ચ** (રવિ), સાંજે ૪ થી ૭-૩૦ - **જ્ઞાનવિધિ**
**નોંધ :** આ કાર્યક્રમમાં ભાગ લેવા **'AKonnect'** દ્વારા અથવા પોતાના સેન્ટરમાં અને જ્યાં નજીકમાં સત્સંગ સેન્ટર નથી એમણે અડાલજ ત્રિમંદિરના ફોન નં. ૯૯૨૪૩૪૮૮૮૦, ૯૩૨૮૬૬૧૧૪૪ (સવારે ૯ થી ૧ તથા બપોરે ૩ થી સાંજે ૭) પર ૯ માર્ચ ૨૦૨૦ સુધીમાં રજિસ્ટ્રેશન કરાવવા વિનંતિ છે.

**૬ થી ૧૦ મે** (બુધથી રવિ), - **PMHT (પેરન્ટ્સ મહાત્મા) શિબિર (સમયની જાહેરાત બાકી)**
**નોંધ :** આ શિબિર જ્ઞાન લીધેલ પરિણીત મહાત્માઓ માટે રહેશે.

## Atmagnani Pujya Deepakbhai's UK Satsang Schedule (2020)

UK: + 44-330-111-DADA (3232), email:info@uk.dadabhagwan.org

| Date | From | to | Event | Venue |
|---|---|---|---|---|
| 01-Apr-19 | 07:30 PM | 10:00 PM | Aptaputra Satasang | Shree Birmingham Pragati Mandal, 10 Sampson Road, Sparbrook, Birmingham, B11 1JL |
| 02-Apr-19 | 07:30 PM | 10:00 PM | GNAN VIDHI | |
| 03-Apr-20 | 07:30 PM | 10:00 PM | SATSANG | **Maher Centre,** 15 Ravensbridge Drive, Leicester, LE4 0BZ |
| 04-Apr-20 | 07:30 PM | 10:00 PM | SATSANG | |
| 05-Apr-20 | 10:30 AM | 12:00 PM | Aptaputra Satasang | |
| 05-Apr-20 | 03:30 PM | 07:00 PM | GNAN VIDHI | |
| 14-Apr-19 | 07:30 PM | 10:00 PM | Aptaputra Satasang | **Fortpitt Gramar School** Rochester, Chatham Kent , ME4 6TJ |
| 15-Apr-19 | 07:30 PM | 10:00 PM | GNAN VIDHI | |
| 17-Apr-19 | 07:30 PM | 10:00 PM | SATSANG | **Harrow Leisure Centre, (Byron Hall)** Christchurch Avenue, Middlesex **Harrow,** HA3 5BD |
| 18-Apr-19 | 10:30 AM | 12:00 PM | Aptaputra Satasang | |
| 18-Apr-19 | 07:30 PM | 10:00 PM | SATSANG | |
| 19-Apr-19 | 10:30 AM | 12:00 PM | Aptaputra Satasang | |
| 19-Apr-19 | 04:00 PM | 07:30 PM | GNAN VIDHI | |
| 20-Apr-19 | 07:30 PM | 10:00 PM | SATSANG | |

ફેબ્રુઆરી ૨૦૨૦
વર્ષ-૨૫, અંક-૬
સળંગ અંક-૨૯૪

દાદાવાણી

Date Of Publication 1st of Every Month
Reg. no. of Newspaper 67543/95
Reg. no. G-GNR-347/2018-2020
valid up to 31-12-2020
LPWP Licence No. PMG/HQ/037/2018-20
Valid up to 31-12-2020
Posted at SRO Gandhinagar
on 1st of every month.

## જેટલા દ્રષ્ટિદોષો થાય, એના પ્રતિક્રમણ કર્યા કરે ત્યારે છૂટાય

આ દુષમકાળમાં આંખને સંભાળવી. દ્રષ્ટિ તો ક્યારેય ના માંડવી, મહીં બહુ બૂમાબૂમ કરે તોય. દ્રષ્ટિ તો બિલકુલ શુદ્ધ રહેવી જોઈએ. તેમ છતાં જોવાઈ જાય તો પ્રતિક્રમણ કરી લેવું. ખાધે-પીધે વાંકું થયું હશે તો ચાલશે, પણ આ કોઈની પર ખરાબ દ્રષ્ટિ જ કેમ કરાય ? સંસારમાં મોટામાં મોટો રોગ જ આ છે. દ્રષ્ટિ માંડવી જ ગુનો છે અને એ સમજ્યા પછી જોખમદારી ખૂબ વધી જાય છે, માટે કોઈની જોડે દ્રષ્ટિ જ ના માંડવી. દ્રષ્ટિ માંડવાથી જ બધું બગડે છે. દ્રષ્ટિ બગડે છે તેય એકદમ નથી બગડતી, પહેલાંનો હિસાબ હોય તો જ આકર્ષણ થાય. ત્યાં આપણે પ્રતિક્રમણ કરીને છૂટીએ, તોય પાછું ફરી દ્રષ્ટિ પડે તો ફરી પ્રતિક્રમણ કરીએ, એવું સો-સો વખત પ્રતિક્રમણ કરે ત્યારે છૂટાય.

**- દાદાશ્રી**

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક અને મુદ્રક - ડિમ્પલ મહેતાએ અંબા ઓફસેટ, B-૯૯, GIDC, સેક્ટર-૨૫, ગાંધીનગર-૩૮૨૦૨૫ ખાતે છપાવી પ્રકાશિત કર્યું.